કુમાર

અંક ૭

ઉગતી પ્રજાનું માસિક

અષાઢ
વર્ષ ૧
અંક ૭
૧૯૮૦



તંત્રી
રવિશંકર રાવળ

પુસ્તક પહેલું — **કુમાર** — સંવત ૧૯૮૦

અંક : — અષાડ

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી : રવિશંકર રાવળ

કુમાર કાર્યાલય : ૪૪૮૦, રાયપુર : અમદાવાદ

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ—૨.
વર્ધમાન ઍન્ડ સન્સ, ૧, પાયધુની, મુંબાઈ—૩.
કરાંચી બુકસ્ટૉલ, નેપીઅર રોડ, કરાંચી.



मातृदेवो भव

ચિત્રકારઃ રવિશંકર રાવળ



માતૃદેવો ભવ

આપણે કોઈ અજાણ્યા સમાજમાં કે ગામમાં જઇએ એટલે મુંઝાઇએ છીએ, કેમકે આપણું ત્યાં કોઈ ઓળખીતું નથી હોતું.

જ્યારે આપણે આ દુનીઆમાં આવીએ છીએ ત્યારે આપણે કેમ મુંઝાતા નથી ? તે વખતે આ આખા વિશ્વમાં આપણું ઓળખીતું કોણ હોય છે ?

આપણને લાગતું જ નથી કે આ દુનીઆમાં આપણે પારકા છીએ. આપણે મા સાથે પ્રત્યક્ષ સંબન્ધ બાંધીને જ આ દુનીઆમાં આવીએ છીએ. જ્યાં મારી મા છે તે જ મારૂં ઘર. ત્યાં રહેવાનો મને હક છે. ત્યાં જ મારો આનન્દ છે. ત્યાં જ મારૂં કર્તવ્યક્ષેત્ર છે.

બાળકનો સમાજ એટલે મા. બાળકનો ગુરુ મા. બાળકનું શરણુ મા. બાળકનો ઇશ્વર મા. બાળક જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેને વિશાળ સમાજ મળી રહે છે, અનેક ગુરુઓ તેને કેળવે છે, અનેકનો તે આશ્રય લે છે, અનેકને આશ્રય આપે છે, વિશ્વંભર પ્રભુની ઉપાસના કરે છે. પણ એની પ્રથમની બાલસ્મૃતિ ભુંસાતી નથી, રદ થતી નથી. તમામ જીંદગીનાં જ્ઞાન અને અનુભવ આ આદ્યસ્મૃતિનો જ વિસ્તાર હોય છે.

તેથી જ પરમઋષિઓએ બધું ભણતર ભણાવ્યા પછી, સકળ રહસ્યનું ઉદ્ઘાટન કર્યા પછી અન્તેવાસીને અનુશાસન આપ્યું છે: **માતૃદેવો ભવ** ।

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



આપણે શું કરવું?

અત્યારે આખા દેશ પર ધર્મ, પંથ, મંડળો અને પક્ષો વચ્ચે મોટા વાંધા પડેલા નજરે પડે છે. એવા વાંધાઓ ઘણેભાગે સત્તા હાથ કરવાને અથવા સામા પક્ષને ચડીઆતો ન થવા દેવાને કે પોતાનો કક્કો ખરો કરાવવા સારૂ હોય છે. આ જાતના ઝગડાઓમાં મનુષ્યજાત ખરેખર ઉંચે જ ચડે છે એમ અમારૂં માનવું નથી. તેથી અમને તો આ સમયે યોગ્ય માર્ગ એ લાગ્યો છે કે આપણે શાન્તિથી, તટસ્થપણે કોઇ પણ પ્રકારના શુભ કામમાં મચ્યા રહેવું.

દેશસેવક

દેશની સાચી સેવા કોણ કરે છે એમ મને કોઈ પુછે તો હું તો એમ જ કહું કે જે માણસ પોતાને મળતા વખતનો ઉપયોગ કોઈ પણ લોકોપયોગી ચીજ કે વિચાર ઉત્પન્ન કરવા પાછળ ગાળે છે તે જ દેશની ખરી સેવા કરે છે. તમને રોજ બે ત્રણ કલાક ફુરસદ મળતી હોય અને તમે એ સમય કંઇ જ કર્યાં વિના ગુમાવતા હો તો દેશની તેટલી ઉપજમાં ખોટ આવી સમજજો. કોઇ ને કોઈ ઉપયોગી કામ પાછળ આખો દિવસ ઉદ્યમી રહેનાર માણસ મોટા લોકનેતા કે કારભારી જેટલો જ માનનીય પુરુષ છે.

આળસ મરડો મા; આળસને જ મરડી નાખો. કંટાળાને ખંખેરી નાખી ઉભા થાઓ ને કામે લાગો; કામમાં મચો, કામમાં મશગુલ રહો.

તમને હસતાં આવડે છે?

તમે કહેશો, 'આ તે કેવો સવાલ? કંઈ મજાક કરો છો કે શું? આવડા મોટા થયા છીએ ને હસતાં નહિ આવડતું હોય?'

પણ હું ખરું કહું છું. તમારામાંના ઘણાને હસતાં નહિ આવડતું હોય.

તમારી પરીક્ષાને માટે તમે અથાગ મહેનત લીધી હોય, તેમાં પાસ થવાની અનેક ગણતરીઓ કરી હોય, તમને પાકી ખાતરી હોય કે તમે પાસ થવાના જ છો;—અને છેવટની ઘડીએ તમારી મહેનત બધી ફોક જાય, ગણતરીઓ બધી જુઠી પડે, તમે નાપાસ થાઓ; તો તે ઘડીએ મનને જરા પણ આંચકો આવવા દીધા વિના તમે હસી શકો?

તમે તમારૂં કોઈ માનીતું કામ કરી રહ્યા હો,—કોઈ રસભરી વાર્તા વાંચતા હો કે તમને મનગમતું કોઇ ચિત્ર ચીતરતા હો, નીશાળના પાઠ કરતા હો કે દાખલો ગણતા હો; તે વખતે તમારો નાનો ભાઈ કે બહેન આવી તમને હેરાન કરી ચીડવે, તમારી ચોપડી ફાડી નાખે, સ્લેટપરનું લખાણ ભુંસી નાખે કે ચિત્ર પર રંગ ઢોળે; તે ઘડીએ જરાપણ ખીજવાટ લાવ્યા વિના તમે એના તરફ પ્રેમથી મોઢું હસી શકો?

એક કામ અમુક મુદતમાં પુરૂં કરી આપવા તમે બંધાયા હો; તે પાર પાડવા મહા મંથન કરી રહ્યા હો; તમને પુરી આશા હોય કે ધારેલા વખતમાં તમે તે પાર પાડી શકશો; એવામાં છેવટે પહોંચતાં પહોંચતાં, અચાનક, ડગલે ને પગલે અડચણો નડવા માંડે, માર્ગમાં પારાવાર મુશ્કેલીઓ આવી પડે, નિરાશા તમને ઘેરી વળે, અને તમારી સ્થિતિ એવી કફોડી થઇ જાય કે તે કામ ધારેલી મુદતમાં પુરૂં થવું અશક્ય બની રહે, તો તે ઘડીએ તમે જરા પણ ગભરાટ વિના ખુલ્લું હસી શકો?

તમે સુખચેનમાં જીંદગી ગાળતા હો, એવામાં તમારા પર કંઈ આફત આવી પડે કે કોઇ અકસ્માત નડે, તોફાન, આગ કે ચોરીથી તમારા જાન કે માલમિલકતને નુકસાન પહોંચે તે ઘડીએ, ઇશ્વરમાં અખંડ શ્રદ્ધા ધરાવનાર ભક્તના જેવું નિર્મળ તમે હસી શકો?

સૌ સમાન

અમેરિકાના એક અતુલ ધનાઢ્યને કોઇએ પુછ્યું કે તમે બહુ અનુભવી છો તો કહો જોઇએ, કે વિદ્વાન, કારીગર, વેપારી અને મજુર, એ ચારમાં કોણ શ્રેષ્ઠ? પેલા ધનાઢ્યે આપેલો જવાબ સમજવા જેવો છે. તેણે કહ્યું, 'ખાટલાના ચાર પાયામાંથી એક ન હોય તો બાકીના ત્રણ શું કરી શકે? એ સવાલનો જવાબ આપો એટલે તમને ઉપલા ચારેની કીંમત સમજાશે.'

બધાં દુઃખનું મુળ

અમને લાગ્યું છે કે દુનીઆમાં મોટામાં મોટો દુર્ગુણ એકલપેટાપણું છે. જગતમાં આપણી નજરે જે બધાં દુઃખ જણાય છે, જે ઝગડાઓ અને ટંટાઓ થતા દેખાય છે, જે મારફાડ, તોફાન કે કાવાદાવા થાય છે તે બધાનું

મુળ એકલપેટાપણું—સ્વાર્થીપણું જ છે. બે પ્રજાઓ વચ્ચે થતી લડાઇઓ ઉભી કરનાર પણ એ પ્રજાનું સ્વાર્થીપણું છે. પોતાને એકલાને જ અમુક મુલક, દોલત કે સત્તા મળે તેટલા ખાતર જ પ્રજાને મોટાં લશ્કરો ને લડાઇનાં વહાણો તૈયાર રાખવાં પડે છે. માણસ પોતાનો સ્વાર્થ છોડી સામાનું હિત વિચારતાં શીખે તો દુનીઆમાંથી ઘણી દુઃખો દૂર થઇ જાય.

પસંદગીની છુટ

'કુમાર'ની સ્થિતિ મજબુત કરવાને તેના દરેક શુભેચ્છકે પોતાથી બનતો દરેક પ્રયાસ કરવો જોઇએ. ઘણે ભાગે એવું બને છે કે એકાદ માસિકની પ્રશંસા કે જાહેરખબરથી જ કોઇ તેના ગ્રાહક થવા ચાહતું નથી; એટલે તેમને એકાદ અંક નજરે જોવાની જરૂર રહે છે જ. આ ઉપરથી અમે કોઈ પણ માણસને નમુનાનો અંક મોકલવાનું જાહેર કર્યું છે, અને તે દરેક જણને વિનંતિ કરી છે કે અંક પસંદ ન પડે તો પાછો મોકલી આપે, અગર તેની કીંમત ભરી દે.

લાભ ગેરલાભ કોને?

આ રીતમાં લાભ પણ છે, અને ગેરલાભ પણ છે. કેટલાક જણ અમારી આ છુટનો લાભ લઇને અંકો મંગાવીને રાખી જ લે છે, અને નથી તેની કીંમત મોકલતા, કે નથી ગ્રાહક થવાની કૃપા કરતા. આમાં અમને તો માત્ર ખર્ચનો ઘસારો છે; પણ એ ભાઇઓને જે ચારિત્ર્યનો ઘસારો લાગે છે તે વધારે મોંઘો છે એમ અમારું માનવું છે.

'કુમાર'ના સંરક્ષકો

અંક નજરે જોયા પછી ઘણા જણ ગ્રાહક થયા છે તેના પણ પુરાવા છે; એટલે અમને તો ખાતરી થઈ ગઈ છે કે 'કુમાર'નું અસ્તિત્વ પ્રજા ઉપયોગી ધારે છે જ. પ્રજાને 'કુમાર' ગમે છે; તેને તેની જરૂર પણ છે જ. ખામી માત્ર તેના ફેલાવાને લીધે રહી જાય છે. 'કુમાર'ના ગ્રાહકો જો 'કુમાર'ના સંરક્ષકો બને તો એ ખામી સહેજે દૂર થઈ શકે તેવી છે. તમારી આસપાસમાંથી તમે એવા ઘણાં સજ્જનોને ઓળખતા હશો કે જેઓ 'કુમાર'નો અંક જોઇને તેના ગ્રાહક થઈ શકે, અને નહીંતર પાછો મોકલી આપે. એવા પાંચ દસ મિત્રો કે જાણીતા ગૃહસ્થોનાં નામ અમારાપર મોકલી આપશો તો અમે તેમને નમુનાનો અંક પાછો મળવાની શરતે જોવા મોકલીશું.

મુંબાઇમાં મારી જોડે એક મિત્ર રહેતા. સેંકડો મુશીબતો વચ્ચે એ જીવન ગાળતા. એવામાં અચાનક એમના વતનમાં એમના ઘરમાં ભયંકર આગ લાગી, અને તેમાં એમનું ઘર, દુકાન, સરસામાન, રાચરચીલું અને સૌથી પ્રિય એવાં શોખથી એકઠાં કરેલાં એમનાં મોંઘાં પુસ્તકો—બધું બળીને ખાખ થઇ ગયું. એ ભાઇના હૃદયમાં આથી કેવો ઘા લાગ્યો હશે એની કલ્પના તમારાથી થાય તો કરજો. પણ એ વિષે વાત કરતાં મારી આગળ ખુલ્લું હસીને એ કહે, 'હેં...હેં...હેં......ભાઇ, શું કહું? બધું ય બળી ગયું. કાંઇ યે ન બચ્યું.' હું ઈચ્છું છું કે તમને અને મને એ ભાઇના જેવું હસતાં આવડે.

ઉપલા, અને એના જેવા બીજા પ્રસંગોએ, જરા પણ ઉચાટ, ઉદ્વેગ કે આંચકો અંતરમાં આણ્યા વિના, એક માત્ર ઇશ્વરને આશરે રહી, ખુલ્લું, મીઠું, નિર્મળ, શ્રદ્ધાભર્યું હાસ્ય તમે હસી શકતા હો તો હું કબુલ કરૂં કે તમને હસતાં આવડે છે.

તમારાથી બને તેટલું, તન તોડીને, મરીમથીને કામ કરો. તમારી જાતમાં આત્મવિશ્વાસ રાખો અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખો કે તમને વિજય મળવો જોઈએ. છતાં તમારા કામમાં તમે નિષ્ફળ થાઓ તો તેનો લેશમાત્ર આંચકો તમારા અંતરને આવવા ન દેતા. એવે વખતે 'જીવ બાળવો' એ જરા યે સારૂં નથી. ખાતરીથી માનજો કે એ કામના કરતાં તમારો જીવ વધારે કીંમતી છે. માટે 'જીવ બાળવા' કરતાં એની નકામી 'ચિંતાને જ બાળી નાખજો.'

તમને નડતી મુશ્કેલીઓ વિષે, તમારા પર આવી પડેલી આફતો સંબંધે, કે તમને ઘેરી વળતી નિરાશાનાં, કોઇને મોઢે રોદણાં રડવા ન બેસતા. એમાં કશો જ સાર નથી. ચોક્કસ માનજો કે તમારી મુશ્કેલીઓ કે આફતો તમારા વિના બીજો કોઈ ટાળી શકવા સમર્થ નથી. માટે હસો, અને હસીને કમર કસી તેની સામે ધસો. રોદણાં રડયે તમારૂં કંઈ વળવાનું નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે તમે હસશો તો દુનીઆ તમારી જોડે હસવા લાગશે; પણ રોશો તો તો તમારે એકલાને જ રડવું પડશે.

દુનીઆ એ મુશ્કેલીઓનો મહાસાગર છે. તેમાં ડગલે ને પગલે અડચણો નડે છે, આફતો આવે છે, નિષ્ફળતાઓ મળે છે, નિરાશાઓ ઘેરી વળે છે, અકસ્માતો બને છે; પણ એ બધું નબળા મનવાળાને, જીવ બાળનારને, ચિંતા કરનારને અને રોદણાં રડનારને જ નડે છે. જેને વિનોદથી અંતર બહેલાવતાં આવડે છે, જેને નિર્મળ આનંદ લેતાં આવડે છે, જે ગમે તેવા કટોકટીના પ્રસંગે પણ ખુલ્લું ખડખડાટ હસી જાણે છે, તેને કશું નડતું નથી. સૌ મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ ને અકસ્માતો તેની સાથે અથડાઈ ભોંઠાં પડી પાછાં વળે છે; અને તે તો અંતરમાં જોમ અને ઉત્સાહને ભરતો, અવિરત પરિશ્રમ ખેડતો, હસતો હસતો એ સૌ પર વિજય મેળવે છે.

સિસ્ટર નિવેદિતા

આર્યાવર્તમાં જ્યારે સેવાધર્મ પડતી હાલતમાં આવ્યો ત્યારે ઇશ્વરી સત્તાએ પહેલી સેવિકા મોકલી તે સિસ્ટર નિવેદિતા. એનું ધ્યાન ધરીએ છીએ ત્યારે લાગે છે કે, સદાય ઝગતી ને પ્રકાશ પાડતી તે બંગાળાની આરતી છે.

મરણુની ઘડીએ ઘણુાંક એવી ઇચ્છા કરે છે કે અમે ફરીને માતૃભૂમિમાં અવતરીએ કે જેથી વધુ ને વધુ સેવા બજાવીએ. આ ભાવના સારી છે; પણુ દુઃખીઆંની ધા સાંભળનાર આ આઈરિશ બાઈએ અરધી જીંદગી પુણ્યનામ ભરતખંડને અર્પણુ કરી હતી. વૃદ્ધ પણુ વિલાસી પિતા યયાતિને પુત્ર પુરૂએ પોતાની જુવાની કાઢી દીધી તેના કરતાં આ આપભોગ ચડીઆતો છે. પુરૂએ પોતાના પિતાને જુવાની આપી દીધી હતી; પણુ નિવેદિતાએ તો, જે પોતાની જન્મભૂમિ પણુ નહિ એવા દેશને, માત્ર સેવાધર્મને ખાતર પોતાની અરધી જીંદગી આપી દીધી.

પૂર્વની પ્રજાએ—અને તેમાં યે ભરતખંડે તો શંકા કર્યા વગર પારકાંને પોતાનાં કરી રાખ્યાં છે. નિવેદિતા આપણુને શીખવે છે કે માણુસજાતની સેવામાં દેશ, વેશ, ધર્મ કે ભાષાના ભેદ ન હોય.

સિસ્ટર નિવેદિતા કોઈ પંથના વાડામાં પુરાએલ પરવશ પંખી નહોતાં. જે આત્માને સ્વતંત્ર રાખે તે જ ખરો ધર્મ. અને એવો હિન્દુ ધર્મ સિસ્ટર નિવેદિતાનો હતો.

મહાપુરુષને ચરણે જ મહાન થવાય છે તે રામકૃષ્ણુ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનન્દ અને તેમની શિષ્યા નિવેદિતા બોલી ઉઠે છે. જગતમાં એકસરખાં જ્યાં હોય ત્યાંથી એકબીજાંને ખેંચે છે એ તો દેખીતું સત્ય છે.

જીવનભરની કુમારિકા હોય છતાં તે દેશનાં બાળકોની સાચી માતા બની શકે, એ બ્રહ્મ-ચારિણી નિવેદિતા બતાવે છે; અને સ્વાર્થત્યાગ, તપશ્ચર્યા તથા લોકસેવા એ ત્રણુ કલ્યાણુના ધોરી રસ્તાઓ છે એ સંન્યાસિની નિવેદિતા સમજાવે છે.


જીંદગી એ રમત નથી પણુ એક જાતની લડાઇ છે, અને એ લડાઈમાં આપણે જીત મેળવવાની છે એ નિવેદિતાનું જીવન કહી દે છે. નીચેની એમની જીવનલીલામાં ગુજરાતના કૌમારને ઘણું મળી શકે તેમ છે.



સિસ્ટર નિવેદિતા



ભૈરવ જપ



નેમીનાથનાં દહેરા

જન્મ અને ભવિષ્ય

ઈંગ્લંડની ભૂમિ ઉપર ઇ. સ. ૧૮૬૭ના ઑક્ટોબરની ૨૮મી તારીખે રેવરન્ડ સૅમ્યુઅલ રિચમન્ડ નોબલને ઘેર એક કન્યારત્નનો જન્મ થયો. એ મંગળ ચોઘડીએ આકાશના ગ્રહો હસીહસીને પોતાનું તેજ એ દેવબાળા ઉપર ઢોળતા હતા, કારણકે એનો જન્મ માનવજાતને કલ્યાણકર હતો. સંસારનો એ અતિથિ આત્મા પ્રભુનો પરમ હેતુ સફળ કરવા ઉતર્યો હતો. એનું નામ માર્ગરેટ ઇ. નોબલ.

આઇરિશ કુળનો તેનો પિતા નમ્ર અને પવિત્ર ધર્મગુરુ હતો. તેણે પોતાનું ટુંકું યૌવન માન્ચેસ્ટર શહેરનાં ગરીબગુરબાંમાં વહેંચી દીધું હતું. રંકનો આશરો અને દુઃખીનો દિલાસો નોબલ હતો. મજુરનું નાનું સરખું બાળક પણ એના હેતાળ હાથની સુંવાળપ ઓળખતું. એની વાણી મીઠી ને મોહક હતી. માર્ગરેટ મોટી થતી ગઇ તેમ તેમ પિતાપુત્રી વચ્ચે ગાઢ પ્રેમ બંધાતો ગયો; અને બાપના બધા સુંદર સંસ્કારોનો વારસો માર્ગરેટને મળ્યો.

એકવાર તેના બાપનો કોઇ પાદરી મિત્ર હિન્દમાંથી મળવા આવ્યો. મિસ નોબલ સાથેની વાતચીતમાં એના લલાટે તેણે દિવ્ય તેજ ચમકતું દીઠું. મુખ પરના ધાર્મિક ભાવ જોઇ પાદરીએ ભવિષ્ય ભાખ્યું અને કુમારિકાને આશિષ આપી કે ‘ હિન્દનો કોઈ જાદુઇ સાદ તને બોલાવશે અને અકળ બળે દોરશે.’ પિતાને આ ભવિષ્યવાણીમાં ભરોસો પડયો અને એ મંગળ સમયની રાહ જોતો દિવસ ગાળવા લાગ્યો. છેવટે જ્યારે એ મરવા પડયો ત્યારે મરણની છેક છેલ્લી ઘડીએ માર્ગરેટની માતા તરફ ફરીને એ બોલ્યો, ‘ કોઇક પળે પણ હિન્દને આપણી માર્ગરેટનો ખપ પડશે. હું તો જાઉં છું, પણ પેલી ભવિષ્યવાણીની યાદ તને દેતો જાઉંછું. તે વેળા તું મારી ખાતર ના ન કહેતી. મારા ગયા પછી માર્ગરેટની ભાળ તને સોંપું છું. સમાજ તને તિરસ્કારશે, સગાંસંબંધી તારો વિરોધ કરશે અને ભાઇભાંડુઓ ના ભણશે; પણ આ મરતાનું વચન મા ભાંગતી.’ ચોત્રીસ વરસની ભરજુવાન વયે તે આટલા શબ્દો બોલી પ્રભુના ધામમાં ગયો પાછળ રહ્યાં ત્રણ સંતાન અને તેમની વિધવા માતા. સંતાનોમાં સૌથી મોટી માર્ગરેટ હતી.

તૈયારી

અભ્યાસ અને વય વધતાં માર્ગરેટની બુદ્ધિ ખીલી ઉઠી. મોટી થતાં એ કન્યાશાળામાં શિક્ષિકા તરીકે દાખલ થઇ, અને ત્યાં એ શાળા, કન્યા અને કેળવણીની રસીઅણ બની રહી. શાળામાં પાઠ દેતી વેળા તે કૈંક નવીન વિદ્યાના તરંગો ઘડતી; અંતરના ઉમંગથી કન્યાઓની ટોળીઓમાં ભળતી અને તેમને કઈ અને કેવી કેળવણી જોઇએ તે વિચારતી. પ્રખ્યાત કેળવણીકારો ફ્રૉબલ તથા પેસ્ટેલૉઝીના શિક્ષણસિદ્ધાન્તોનું મનન માંડતી ને પ્રયોગ અજમાવતી. કિન્ડરગાર્ટનની પદ્ધતિ પણ તે શીખી. ધીમે ધીમે તે ભાવિ જીવનનાં સ્વપ્ન ઘડવા લાગી. ‘ હું ખરી શિક્ષિકા થાઉં ’ એમ એને દર પળે થતું. જ્ઞાનની વીગતો મગજમાં ભરવી એને તે ભણતર માની ન શકી. માર્ગરેટ પોતાના મનને પુછતી કે જે વડે હૃદય જાગ્રત ન થાય, માણસ ખરૂં મનુષ્ય ન બને કે પોતાને ઓળખે નહિ તેને વિદ્યા કેમ કહેવી? સ્ત્રીનું અને માતાનું ગૌરવ વધારવા તેની આકાંક્ષા હતી. ઉંચી કેળવણી વગર આ વાત ઝાંઝવાનાં જળ જેવી છે એમ પણ એને ભાન થયું. આટઆટલા વિચારો પછી તેણે પોતાનો જીવનપંથ નક્કી કર્યો. જાતઅનુભવ લેવા માટે કેટલીક શાળાઓમાં શિક્ષિકા તરીકે કામ કરીને તેણે આખરે પચીસ વર્ષની ઉમરે પોતાની રીતે વિદ્યા આપવા પોતાના જ ગામમાં એક ખાનગી કન્યાશાળા કાઢી. અહીં એ જુવાન કન્યાઓનાં હૃદયો જીતવા માંડી. તેઓમાં અથાગ ઉત્સાહ અને નવીન પ્રાણબળ રેડ્યાં. પોતે મોવડી થઇને ‘ સિસેમ ક્લબ ’ નામનું એક મંડળ સ્થાપ્યું. ત્યાં સાહિત્ય, સમાજ તથા નીતિશાસ્ત્ર ઉપર ચર્ચા ને વાતચીતો થતી. આવી આવી પ્રવૃત્તિમાં ઇ. સ. ૧૮૯૫નો સપ્ટેમ્બર માસ બેસી ગયો.

ગુરુશિષ્યા

ઇ. સ. ૧૮૯૩માં અમેરિકાના શિકાગો શહેરમાં મોટું પ્રદર્શન ભરાએલું તે પ્રસંગે જગતના જુદાજુદા ધર્મોના આચાર્યોની મહાસભા મળી હતી. હિન્દુધર્મના

પ્રતિનિધિ તરીકે સ્વામી વિવેકાનન્દ ત્યાં ગયા હતા. તેમના અપૂર્વ ભાષણથી અમેરિકાવાસીઓ તો અંજાઈ જ ગયા, અને સ્વામીજીની ખ્યાતિ દેશવિદેશ ગવાઇ. કેટલીક પ્રજાઓએ હિન્દુધર્મ ઉપર ભાષણો આપવા સ્વામીજીને આમંત્રણ મોકલ્યાં. ફરતા ફરતા તે ૧૮૯૫ના સપ્ટેમ્બરમાં વિલાયત પહોંચ્યા અને લંડનમાં ઉપદેશ દેવા લાગ્યા. આતુર માર્ગરેટ પણ એ ખાનગી મીજલસોમાં સ્વામીજીના બોલ ઝીલવા જતી. પરંતુ આ લાભ લાંબો કાળ ન ચાલ્યો; કેમકે સ્વામીજીને ઇ. સ. ૧૮૯૬ના શીઆળામાં ફરીવાર અમેરિકા જવાનું થયું.

પણ પારસમણિનો સ્પર્શ થયો હોય તેમ મિસ નોબલના જીવનના રંગઢંગ બદલાઈ ગયા. કોઇ અદૃશ્ય આકર્ષણે તે વિવેકાનન્દ તરફ ખેંચાવા લાગી. હિન્દુધર્મ, વેદાન્ત અને સ્વામીજીના શુદ્ધ ચારિત્ર્ય ઉપર એની સુરૂચી ઢળી. તે આ પરદેશી સંન્યાસીના ઘણા વિચારોની વિરૂદ્ધ હતી અને એનાં કામને શંકાની નજરે નિહાળતી. તોપણ જ્યારે ઈ. સ. ૧૮૯૬ના એપ્રિલમાં સ્વામીજી પાછા ફર્યાં ત્યારે તે એનાથી અતડી રહી પણ અળગી પડી ન શકી. લંડનનાં જાહેર ભાષણોમાં તે સ્વામીજીની સામે પુષ્કળ દલીલો કરવા ઉઠતી; પણ સ્વામી તો મહા ચતુર પુરુષ હતા. એ કળી ગયા કે આ માર્ગરેટ મારી શ્રદ્ધાળુ શિષ્યા થવાની છે. વાતચીતમાં સ્વામીજીએ કહ્યું કે 'મારી પાસે મારા દેશની સ્ત્રીકેળવણી માટે એક યોજના છે. તમે તે ઉપાડી લો તો હિન્દની સ્ત્રીઓની ઉન્નતિમાં તમે સહાયરૂપ થઈ શકશો.' સ્વામીજી આ વાત કરી રહ્યા હતા તે વેળા માર્ગરેટને લાગ્યું કે પોતે હિન્દુસ્તાનની હજારો અબુધ સ્ત્રીઓનો સાદ વિવેકાનન્દને મોંએ સાંભળી રહી છે. માર્ગરેટે એ સેવા ઉપાડવા હા કહી. એ વર્ષની આખરે સ્વામીજી હિન્દુસ્તાન પાછા વળ્યા અને મિસ નોબલે પણ તેમની પાછળ જવાની તૈયારીઓ કરવા માંડી.

પ્રયાણ

માર્ગરેટને હિન્દનો સંદેશો મળી ચુક્યો હતો. આજે ઇંગ્લંડનો કાંઠો છોડી એ આર્યાવર્ત તરફ આવવા નીકળતી હતી. આ જોઇ એની માયાળુ માતાનું દીન હૃદય ફફડી ઉઠયું, અને પ્રેમના વેગમાં તે માર્ગરેટને હિન્દ જવાની ના પાડવા ગઇ. પણ તે જ પળે તેની નજર આગળ તેના સ્વર્ગસ્થ પતિની પ્રતિમા તરવરી આવી અને પતિનું છેલ્લું વચન આંખ સામે કોતરાઇ રહ્યું: 'મરતાનું વચન મા ભાંગતી.' દીકરીનો વિરહ શમાવીને, જાણે તેને સાસરે વળાવતી હોય તેમ, શોક અને સંતોષના હેલારા વચ્ચે એ ઉદાર માતાએ પોતાની પ્રથમ પુત્રીનો હાથ હિન્દુસ્તાનના હાથમાં સોંપ્યો. ૧૮૯૮ના જાન્યુઆરીમાં મિસ માર્ગરેટ નોબલ આર્યાવર્તને આરે કલકત્તા કાંઠે ઉતરી. તેના ગયા પછી તેની માતાએ સદ્‌ગત પતિના બોલ યાદ લાવીને પુત્રીનું કામ પોતાનું કરી માન્યું. કોઇ પણ હિન્દીને એ વિલાયતમાં જોતી તો જરૂર તેને પોતાને ઘેર તેડી જતી; અને વિમ્બલ્ડનમાં એ સુશીલ બાઇને ત્યાં હિંન્દના વતનીઓ કુટુંબનું સુખ અનુભવતા.

હિન્દુસ્તાનમાં આવ્યા પછી માર્ગરેટ થોડો વખત કલકત્તાથી દૂર ગંગા તીરે આવેલા બેલુર નામના નાના ગામડામાં રહી. ત્યાં અમેરિકાથી સ્વામી વિવેકાનન્દનાં ભાષણોથી મુગ્ધ થઈ તેમના શિષ્યો થવા આવેલા કેટલાક અમેરિકાવાસીઓ પણ હતા. થોડા સમય પછી બેલુરમાં 'રામકૃષ્ણ મિશન'નો મઠ બાંધવામાં આવ્યો અને સ્વામી વિવેકાનન્દ બેલુર આવ્યા.

દીક્ષા

એક સુંદર પ્રભાતે સ્વામી વિવેકાનન્દે બેલુર મઠના પૂજાના ઓરડામાં મિસ માર્ગરેટ નોબલને હિન્દુ ધર્મની દીક્ષા આપી. આજથી તે રામકૃષ્ણ-વિવેકાનંદને અર્પણ થએલી સિસ્ટર (ભગિનિ) નિવેદિતાના નામથી ઓળખાઈ. નિવેદિતા લખે છે કે એ મધુર સવાર હું શે ભુલીશ ? ત્યારથી નિવેદિતા મઠમાં રહેવા ગયાં.

હવે સ્વામીજીએ નિવેદિતાને ઉપદેશ દેવો શરૂ કર્યો. પરંતુ તે બધું જ માની લેવા તૈયાર નહોતાં. તેના મનમાં હજુ હિન્દુ ધર્મ વિષે અનેક શંકાઓ હતી. એ પ્રશ્નો પુછતાં, દલીલો કરતાં, પરંતુ સ્વામીજી શાન્ત ચિત્તે સૌના જવાબ આપતા. સ્વામી અને નિવેદિતાનો મતભેદ આમ બહુ લાંબા વખત સુધી ચાલ્યો. સ્વામીજીનો પ્રભાવ એટલો હતો કે નિવેદિતાને તે મંત્રમુગ્ધ કરી દેતા; છતાં દિવસે ને દિવસે તેમનો મતભેદ વધતો

ગયો અને તેમનાં મન જુદાં થવા લાગ્યાં. સ્વામીજી પણ અશાન્ત રહેવા લાગ્યા.

૧૮૯૮ ના મે મહીનામાં નિવેદિતા અને ધીરા માતા તથા જયાદેવી નામની બે અંગ્રેજ બાઇઓ સાથે સ્વામીજી પ્રાન્ત તથા કમાઉન કાશ્મીરના પ્રવાસે નીકળ્યા. એક દિવસ સ્વામીજીએ કહ્યું કે 'મારે એકાન્ત જોઇએ છે માટે હું જંગલમાં જાઉં છું.' એટલામાં આકાશમાં ઉગતો બીજનો ચંદ્ર જોઇ તે થોભ્યા અને નિવેદિતાને કહ્યું, 'જુઓ, બીજનો ચંદ ઉગે છે. હિન્દુઓ અને મુસલમાનો બન્ને એમાં પૃથ્વીનું નવજીવન જુએ છે. ચાલો, આપણે પણ આજથી નવી જીંદગી શરૂ કરીએ.' આમ બોલી તેમણે નિવેદિતાને આશિષ દીધી. નિવેદિતાને પણ લાગ્યું કે આજથી જુદાઇનો જુનો સંબંધ બધો ગળી પડે છે. આ પ્રસંગ પછી નિવેદિતાના મનની બધી શંકાઓ શમી ગઇ.

કાશ્મીરનો પ્રવાસ

જુનની ૧૮ મી તારીખે તેઓ બારામુલા આગળથી કાશ્મીરમાં દાખલ થયાં અને જેલમ નદીની ખીણનાં સાંકડા ચડાવો ચડતાં આગળ વધ્યાં. શ્રીનગર પહોંચી, ત્યાં સૌએ 'ક્ષીરભવાની' ના ઝરા અને માર્તંડનુ ખંડેર જોયાં. એક દહાડો, જહાંગીર બાદશાહે કાશ્મીરમાં બંધાવેલો મહેલ જોવા તેઓ ગએલાં, ત્યાં બપોરે એકાન્ત પડતાં સ્વામીજીએ નિવેદિતાને સંભારી દીધું કે 'તમે પાછી પેલી શાળા અને શિક્ષણની વાત તો ભુલી જ ગયાં, એંઇ? આજ મને તમારા જ વિચારો આવ્યા કર્યા છે. તમારામાં મારા જેટલી જ પ્રેરણા છે; અને એ કામ તમે જ કરી શકશો.'

મા

દુનીઆ આખીએ સહસ્ર મુખે જેના ગુણ ગાયા છે; ઉપદેશકોએ જે ફરી ફરી બોધ્યો છે; કવિઓએ જેનાં ગીત ગુંજ્યાં છે; કથાકારોએ જેની અનેક કથાઓ ગુંથી છે; ને જુગજુગથી જે જગતની જીભે આલ્હાદ આપતો રમતો આવ્યો છે, એવો એ શબ્દ છે.

ભાષામાં જુનામાં જુનો, છતાં નિતનવા ભાવ જગવતો ને અંતર ઉછાળતો એ મધુરમાં મધુર શબ્દ છે.

જન્મીને બાળક પહેલાં એ જ બોલતાં શીખે છે; જીવનનાં દુઃખમાં કે સુખમાં એ જ શબ્દ એની જીભે ચડે છે; મરણની ઘડીએ પણ એ નથી ભુલતો.

જેણે નવ માસ લગી પોતાને ગર્ભમાં સેવ્યો છે એ 'મા' માણસના અંતરમાં જેટલે ઉંડે પેસી શકે છે ને તેના આત્માને સ્પર્શી શકે છે તેટલું દુનીઆનો કોઇ પણ પુરુષ કે સ્ત્રી પેસવા કે સ્પર્શવા સમર્થ નથી.

તમે ખરાબમાં ખરાબ માણસ હશો, ને જગત આખું તમને છેહ દેશે, તે ઘડીએ પણ તમારી 'મા' તમને નહિ તરછોડે. એ હેતાળ ખોળાની મીઠી હુંફ તમને દુનીઆના બધા દુઃખદંશ ભુલાવી દેશે.

તમે ગમે એવડા મોટા હશો,—ઉમરમાં, જ્ઞાનમાં, વૈભવમાં કે અધિકારમાં—પણ તમારી માને મન તો હજી એના ખોળામાં કલ્લોલતા ને એના હૈયામાં નાચતા નાના શા બાળક જ છો.

તમે એને દુભવશો, તરછોડશો, દુઃખ દેશો કે વિસારી મેલશો, છતાં એ તમારા પર રજમાત્ર રોષે ભરાવાની નથી. એના અંતરમાં તો તમે સદાને માટે બાળક જ રહેવાના. છેક બાળપણમાં એને ખોળે ને એને આશરે સુતેલા નાનકડા ને નિરાધાર બાળકને એ કદિ ભુલવાની નહિ.

એક વાત છે; બહુ જુની વાત છે. ઘણાંએ એ સાંભળી પણ હશે પણ એ ફરી ફરી સાંભળવા જેવી છે. અંતર ભેદતી ને વાત્સલ્ય વરસાવતી એક અદ્ભુત ને કરુણરસિક એ કથા છે.

એક માણસ કોઈ ખૂબસુરત પણ દુષ્ટ સ્ત્રીના ફંદમાં લપટાયો હતો. પેલી સ્ત્રી એટલી સુંદર હતી કે એના રૂપમાં આંધળો બની તે એની પાછળ ગાંડો થઈ ગયો હતો. એ મોહના આવેશમાં એકવાર તેણે એ સ્ત્રીને કહ્યું કે 'તું મને એટલી બધી વહાલી છે કે દુનીઆમાં હું તારે માટે ગમે તે કરવા તૈયાર છું.'

પેલી સ્ત્રીએ પોતાના રૂપના ગુમાનમાં ને વખાણની ફુલાશમાં, કમકમાટી ઉપજાવે એવી ભયંકર માગણી કરી: 'એમ હોય તો તારી માનું હૃદય ચીરી કાઢી મને લાવી આપ.'

પેલા મોહાંધ માણસે પોતાની માને મારી નાખી, અને તેનું હૃદય ચીરી કાઢી પેલી સ્ત્રીને આપવા દોડયો.

એ હાથના ખોબામાં, લોહીથી નીંગળતું હૃદય લઇ એ દોડયો જતો હતો, એવામાં તેને ઠેશ વાગી ને એ પડી ગયો.

એ પડયો તેવું જ એની માનું હૃદય પોકારી ઉઠયું, 'ખમ્મા બેટા, તને વાગ્યું તો નથીને ?'

કષ્ટ અને કલ્યાણ

પ્રવાસમાંથી કલકત્તે પાછા આવીને નિવેદિતાએ એક શાળા શરૂ કરી, પણ તેના પ્રયત્નો નિષ્ફળ ગયા; અને ઈ. સ. ૧૮૯૯ માં તે સ્વામી વિવેકાનન્દની સાથે પાછાં વિલાયત ગયાં. ઇ. સ. ૧૯૦૦ માં સ્વામીજી પાછા આવ્યા, પણ નિવેદિતા તો ઇ. સ. ૧૯૦૨ સુધી ત્યાં જ રહ્યાં. ૧૯૦૨માં ફરી હિન્દુસ્તાન આવીને તેમણે પહેલાંની પેઠે નીશાળ ચલાવવાના પ્રયત્નો શરૂ કર્યા; એવામાં તે જ વર્ષના જુલાઇની ચોથી તારીખે સ્વામી વિવેકાનન્દ સ્વર્ગવાસી થયા.

એકલાં પડી ગએલાં નિવેદિતા હવે જગદીશચન્દ્ર બોઝનાં પત્નીને જઇ મળ્યાં, અને કંઇક સહાય મળે તો હિન્દુ કુટુંબો વચ્ચે રહીને એક 'ભગિનિગૃહ' ચલાવવાની અને એ મારફત હિન્દુ સ્ત્રીઓમાં સંસ્કાર અને કેળવણી દાખલ કરવાની પોતાની ઈચ્છા બતાવી. પરંતુ ત્યાંથી યે કંઇ આશાજનક જવાબ મળ્યો નહિ. આથી નિવેદિતાને કામ કરવાનું વધુ શૂર ચડ્યું.

આખરે મહા મહેનતે એમણે કલકત્તામાં બાગબઝારના ઝૂંપડાંમાં એક નાનું ઘર ભાડે લીધું. આ ગોરી ક્રિશ્ચિયન બાઇને અહીં પોતાની વચ્ચે રહેવા આવેલી જોઇ ત્યાં રહેતાં હિન્દુ કુટુંબો છંછેડાયાં. કોઇ એને બોલાવે નહિ; કોઇ એનું કામ કરે નહિ. હિન્દુઓની લાગણી દુખાય એવો ખોરાક તો ત્યાં ન લેવાય, તેથી નિવેદિતા અતિ સાદા ખોરાક ઉપર, અને કેટલીકવાર તો ખાધા વગર રહેતાં; અથવા ફળફુલના આહારથી ચલાવી લેતાં. આટલી અગવડો વેઠવા છતાં પણ એમણે કોઇનું દિલ દુભવ્યું નહિ. એમની અડગ શ્રદ્ધા હતી કે તપશ્ચર્યાનું સારૂં ફળ આવવું જ જોઇએ.

નિવેદિતા રહેતાં તે આખી શેરી બહુ જ ગંદી રહેતી. નિવેદિતા પોતાનું ફળીઉં વાળીને ચોકખું કરે, તોપણ પાડોશીઓ તેમાં કચરો ફેંકી ગંદું કરી મુકે. આ દશા નિવેદિતાને અસહ્ય લાગી. આખરે એમણે એક ઉપાય શોધી કાઢ્યો. દરરોજ સવારે, શેરીમાંનું કોઇ ઉઠે તે પહેલાં, બહુ જ વહેલાં ઉઠી એમણે આખી શેરી વાળી નાખવા માંડી. આ છાની સેવા કેટલાક દહાડા ચાલી. દરરોજ આમ ગંદકી દૂર થતી જોઇને શેરીના ગંદા લોકોને પણ સ્વચ્છ જગ્યા બગાડવાનું ઠીક ન લાગ્યું. એક દિવસ અચાનક કોઇક નિવેદિતાને શેરી વાળતાં જોઇ ગયું. સૌએ જાણ્યું કે શેરી તો આ પરદેશી બાઈ વાળે છે, અને આપણાં સૌની ગંદકી એ ઉપાડે છે! આથી કૈંક શરમને લીધે અને કૈંક દેખાદેખીથી શેરી સ્વચ્છ રહેવા લાગી.

શાળા અને ભગિનિગૃહ

ત્યારથી નિવેદિતાનું પણ સન્માન થવા લાગ્યું અને સૌ એને આદર દેવા લાગ્યાં. પછી તો ધીમે ધીમે નિવેદિતાનું ઘર નાનાં બાળકોનો અખાડો બની ગયું. નિવેદિતાએ પોતાને ત્યાં આવતાં બાળકોને કિન્ડરગાર્ટનની રીતે શિક્ષણ આપવા માંડ્યું. શેરીની સ્ત્રીઓ પોતાને ઘેર બેસતી ઉઠતી થઈ તેમની આગળ રામાયણ, મહાભારત સંભળાવવાનું તથા ભરતગુંથણ શીખવવું શરૂ કર્યું. આથી ધીમેધીમે ખાનદાન અને મોટા ઘરની સ્ત્રીઓ પણ બપોરે ઘરકામથી પરવારી નિવેદિતાને ત્યાં શીખવા આવવા લાગી. અનાથ બાળકો અને નિરાધાર વિધવાઓને માટે તો નિવેદિતાનું ઘર આશ્રમ જેવું બની ગયું.

નિવેદિતાની આ ખાનગી શાળા અને ભગિનિગૃહ ધીમે ધીમે ફાલતાં ગયાં તેમ તેમ તેનું ખરચ પણ વધતું ગયું. ક્રિશ્ચિયાના કરીને એક બીજી બાઈ પણ નિવેદિતાની મદદે જોડાઈ હતી. અત્યાર સુધી તો નિવેદિતા પોતાના ખાનગી ખર્ચમાંથી શાળા ચલાવતાં, પણ હવે એ ભારે પડવા માંડ્યું. શાળા એમને પ્રાણ સમાન વહાલી હતી. છેવટે એમણે શિક્ષણનાં કામની દેખરેખ ક્રિશ્ચિયાનાને સોંપી બચતા વખતમાં લેખો અને પુસ્તકો લખવા માંડ્યાં. તેમાંથી જે કંઇ આવક થતી તે એ શાળામાં ખરચતાં. છતાં યે શાળા પુરી નભે તેમ નહોતું. હવે જે તાણ પડતી તે પોતાનું જાતખરચ બને તેટલું ઓછું કરીને તેમણે પુરવા માંડી. આમ કરતાં એમના શરીરને પુરૂં પોષણ પણ મળતું નહિ, અને તે તદ્દન સુકલકડી બની ગયાં. છતાં શાળાને માટે નિવેદિતા પ્રાણ પણ હોમવા તૈયાર હતાં.

આ અરસામાં કલકત્તામાં પહેલી વાર પ્લેગ ફાટી

નીકળ્યો. માણસોને ટપોટપ મરતાં જોઇ સૌનાં હૃદય ત્રાસી ઉઠયાં. રેલવે અને આગબોટ રસ્તે કલકત્તા નાસભાગ કરવા માંડયું. આ વિપત્તિની વેળાએ મદદ આપવા સારૂ નિવેદિતાએ જુવાન છોકરાઓની ટુકડીઓ ઉભી કરી. પ્લેગવાળા લત્તાઓ તેઓએ સાફસુફ કર્યા. નિવેદિતા દરદીઓની સારવાર કરતાં અને વારંવાર ટુકડીઓની પણ સંભાળ લેતાં. એક વેળા એક બાળક તો બીચારૂં મરણની પળે નિવેદિતાને પોતાની મા માની કોટે જ વળગી પડયું અને તેના ખોળામાં જ દેહ છોડી ગયું !

સાચી શિક્ષિકા

નિવેદિતાનું મકાન કંઇ સારૂં નહોતું. ઉપરના બે ઓરડા અતિશય નાના હતા; અને છત બહુ જ નીચી હોવાથી બપોરના બે પહોર સુધી એ એટલું ગરમ થઇ જતું કે થોડા વખતમાં જ માથું દુખી આવતું. ઓરડાની વચ્ચોવચ હાથમાં એક તાડનો પંખો લઈ નિવેદિતા પોતાના કામમાં લીન થતાં. કોઇકોઈવાર તો ગરમીનું ભાન પણ તે ભુલી જતાં અને કામ પુરૂં થયે ઉઠે ત્યારે એમનાં મોં-આંખો લાલલાલ થઇ જતાં. કોઇ આમ થવાનું કારણ પુછે તો હસતાં હસતાં કહે કે ' એ તો અમસ્તું, સહેજ માથું દુખે છે ' અને તરત જ પાછાં પોતાના લખવાવાંચવાના કામમાં પડે.

શાળામાં ગણિત, ચિત્રવિદ્યા અને અંગ્રેજી નિવેદિતા પોતે શીખવતાં. ચિત્રોમાં તે હમેશાં ઉત્તમ ભાવ જોતાં. છાપેલા કરતાં હાથનાં દોરેલાં ચિત્રો એમને વધુ પ્રિય હતાં. સો પાંખડીઓનું શ્વેત કમળ તેમને ઘણું ગમતું. વિદ્યાર્થીઓને તે માટી અને પત્થરના સંચાઓ બનાવતાં શીખવતાં. વખત જતાં સંસ્કૃતનો વર્ગ પણ વધાર્યો. નિવેદિતા કહેતાં કે ' એવો વખત ક્યારે આવે કે મારી વિદ્યાર્થિનીના હાથથી લખેલા શ્લોકવાળું તાડપત્ર હું મારી શાળામાં ટાંગું ? '

હિન્દુસ્તાન ઉપર એમને અતિશય પ્રેમ હતો. ઘણી વાર તો ઇતિહાસ શીખવતાં એ એટલાં ભાવમગ્ન થઇ જતાં કે પ્રેમથી આંખો મીંચી એક ધ્યાનથી 'ભારત, ભારત, મા, મા, મા......'એમ બોલી ઉઠતાં. ભારતનો ઇતિહાસ, ભારતની ભાષા, ભારતની સંસ્કૃતિ, એને વિષે એમને ઘણું પ્રેમ-માન હતું. એક વેળા કોઇ વિદ્યાર્થીએ પાટી ઉપર લીટી દોરતાં કહ્યું કે ' જુઓ, હું 'લાઇન' દોરૂં છું.' નિવેદિતા તેની સામે જોઈ રહ્યાં. તેમણે એ બાળકને પુછ્યું કે 'લાઇન' તો અંગ્રેજી શબ્દ છે. એનો બંગાળી શબ્દ કયો ? કોઈ જવાબ ન આપી શકયું. આથી નિવેદિતા દુઃખથી અકળાઇ ઉઠયાં. તેમના મોં પર લોહી ચડી આવ્યું. એવામાં કોઇએ યાદ આવવાથી કહ્યું, 'રેખા.' આ શબ્દ સાંભળીને તેમને એટલો આનંદ થયો કે તે મોઢેથી 'રેખા, રેખા' એમ ગોખવા મંડી પડયાં. હિન્દુસ્તાન વિષે શીખવતાં કે વાતો કરતાં તે 'આપણી ભારત માતા' 'આપણો દેશ' એમ એકભાવે જ બોલતાં.

દયાની દેવી

શાળાના અથાગ બોજા અને થાકને લીધે ઇ.સ. ૧૯૦૫માં નિવેદિતા માંદગીને બીછાને પડયાં અને લગભગ મરણના મુખમાંથી બચ્યાં. લાંબા વખત પછી એમને કંઇક આરામ થયો, પણ પહેલાંની તાજગી કે તંદુરસ્તી તો પાછી ન જ આવી. દાક્તરોએ એમને બહુ મહેનત લેવાની સખત ના કહી. સાજાં થયાને થોડાક માસ થયા, ત્યાં પૂર્વ બંગાળા રેલ ને દુકાળની પીડામાં સપડાયું. વરસાદના પ્રલય જેવા પુરમાં ગામોનાં ગામો તણાયાં ને લોકો નિરાધાર બની ગયા. વાવેલા પાક તણાઇ ગયા તેથી દુકાળ પડયો. આ સમાચાર નિવેદિતાને કાને આવ્યા. એમના જેવા સેવાપ્રેમી જીવથી એ સાંભળી બેસી કેમ રહેવાય ? એમને લાગ્યું કે મારે જવું જ જોઇએ. ઘણા દહાડા એક ગામથી બીજે ગામ તેમણે વરસતા વરસાદમાં અને ખુબ ભેજમાં મુસાફરી કરી. બારીસાલ પરગણાનાં ગામેગામની શરદીવાળી ખીણો ઓળંગી અને પાણીનાં પુરમાં ચાલી, લોકોને અન્ન વસ્ત્ર વહેંચી બને તેટલી મદદ કરી. આ મહેનત અને રખડપાટમાં એમને મેલેરીઆ તાવ લાગુ પડયો. તેમાંથી કંઇક આરામ થયો કે તરત તેમના અંગત સ્નેહીઓએ બોઝપરાનો ગંદો લત્તો છોડી દેવાની તેમને ભલામણ કરી; પણ નિવેદિતાએ માન્યું નહિ. તેમણે કહ્યું કે 'જેને ખોળે આજલગી હું આશરો પામી છું

તે શેરી મારાથી છોડી ન જાય. જે બાળકોને અહીં મેં કુદતાં રમતાં જોયાં તે હવે મારાં પોતાનાં સંતાન થઈ ગયાં છે. તેમનો ત્યાગ કરી મારાથી બીજે ન જવાય.'

નિવેદિતા પ્રથમ જ્યારે હિન્દુસ્તાનમાં આવતાં હતાં ત્યારે આગબોટમાં એમને એક છોકરો મળ્યો. ઘેર તે ઘણો તોફાની હોવાથી તેનાં માબાપે કંટાળીને તેને હિન્દ મોકલેલો. આગબોટમાં કોઇ એની સાથે બોલતું નહિ, અને સૌ એને સતાવતાં. આથી તે દુઃખી ને શોકાતુર રહેતો. માર્ગરેટને તેની દયા આવી. મુસાફરી દરમ્યાન તેણે એને પોતાની હૂંફમાં લીધો અને આશ્વાસન આપ્યું. છુટા પડતી વેળા માર્ગરેટે પોતાની માતા તરફથી જન્મગાંઠને પ્રસંગે પોતાને ભેટ મળેલી ઘડીઆળ તે છોકરાને આપી, અને યાદગીરીના ચિહ્ન તરીકે રાખવા કહ્યું. વખત જતાં નિવેદિતાને એક કાગળ મળ્યો. એ પેલા છોકરાની માતાનો હતો. તેમાં લખ્યું હતું કે 'તમારા સ્નેહભાવ અને સમાગમથી મારા પુત્રનું જીવન સુધરી ગયું હતું, અને છેક છેલ્લી ઘડી સુધી તમને સંભારતો તે મૃત્યુ પામ્યો છે.' નિવેદિતાની જીંદગી આવા પરમાર્થમાં જ પસાર થએ હતી.

ગુણકીર્તન

યુરોપનો ભોગવિલાસ છોડી, તપોમય જીવન સ્વીકારી, નિવેદિતાએ ભરતખંડની સેવા કરી. એ હાલ પણ કેટલું મુશ્કેલ લાગે છે? પણ એ જે વાત મન પર લેતાં તે પુરી જ કરતાં. નવા બંગાળાની તરુણ પ્રજાને કેળવવાનું માન સિસ્ટર નિવેદિતાને છે; હિન્દુ ધર્મનો આત્મા એમણે સચેતન કર્યો; બોરસલીની સુકાએલી માળાની સુવાસ જેવી આર્ય સ્ત્રીઓનું અંતર પણ એમણે જ જગાડ્યું. એમના બાપજીનું તેજ અને વાતચીતની છટા અપૂર્વ હતાં. 'કામ, કામ ને કામ' એ એમનો જીવનમંત્ર હતો. એ જે વસ્તુને અડકતાં તે સુંદર થઇ જતી.

હિન્દ પ્રત્યેની એમની ભક્તિ કોઈ અનેરી હતી. એકવાર કોઇ ભરવાડ એમની કને ઉપદેશ સાંભળવા આવ્યો. નિવેદિતા ગળગળાં થઈ ગયાં અને તેને કહ્યું, 'ભાઇ, ઉપદેશ મારી પાસે કેવો? કૃષ્ણચંદ્રની ભૂમિમાં તમે જન્મ્યા છો, અને ભારતવાસી છો. મારા પ્રણામ છે તમને.' આમ કહીને તે એ ભરવાડના પગમાં પડી ગયાં! એમનાં લખાણોમાં હિન્દનો આત્મા પ્રકાશે છે. એમણે અગીઆર સુંદર પુસ્તકો અને અનેક લેખો પણ લખ્યા છે. ગીતા એ એમનું અતિ પ્રિય પુસ્તક હતું.

એમના શરીરનો બાંધો ઉંચો અને મજબુત હતો. એમનો પ્રભાવ પુરુષના જેવો પડતો. એમનું સંકલ્પબળ દૃઢ હતું. સાધારણ રીતે એમના મોં ઉપર શક્તિ અને નિશ્ચય સ્પષ્ટ દેખાતાં; પણ ધ્યાનમાં કે કામમાં લીન હોય ત્યારે એમનું મુખ શાન્ત સરોવર જેવું જણાતું. ચમકતા આસમાની રંગની ભાવમય આંખો, અને તે ઉપર વિશાળ લલાટપર સાદી સ્વદેશી સાડીની કોર લહેરાતી; ગળે રૂદ્રાક્ષની માળા લટકતી ને કંઠમાંથી સંગીત જેવી મીઠી વાણી ઝરતી.

સિસ્ટર નિવેદિતા ઉપર કેટલાક આક્ષેપો પણ છે. એમને સમજ્યા વિના એમના વિરોધીઓ કહે છે કે 'તેણે વિલાયત અને અંગ્રેજ સમાજને છોડી દીધો અને હિન્દુસ્તાન ઉપર એ ખોટી રીતે મોહી. એ બાઈ બુદ્ધિશાળી પણ ચસકેલ મગજની હતી; તેથી પોતાનું જીવન બોઝપરાની સાંકડી પોળમાં જ વીતાવ્યું. એ માત્ર રમકડાની રમત રમી.' આ સઘળાનો એક જ જવાબ છે કે નિવેદિતાનું જીવન જો રમકડાની રમત હોય તો ઇશ્વર એવી રમત સૌકોઇને આપજો.

હૈમવતી ઉમા

નિવેદિતાએ પોતાની જીંદગીનાં છેલ્લાં ત્રણ વર્ષ અમેરિકા અને ઇંગ્લંડમાં ગાળ્યાં; અને ત્યાંથી ઇ. સ. ૧૯૧૧ ની બેસતી વસંતે એ હિન્દુસ્તાન પાછાં આવ્યાં. એ જ વર્ષની પાનખર ઋતુમાં એ દાર્જીલિંગ ગયાં. અહીં એકાએક તે બીમાર થયાં. માંદગીને બીછાને એમણે અંગ્રેજીમાં બાદ્ધ ધર્મની એક સુંદર પ્રાર્થના રચી, અને તેની એકેક પ્રત પોતાના મિત્રોને મોકલી. જેનું આખું જીવન એક પ્રાર્થના જેવું હતું તેના તરફથી આ સૌને છેલ્લી પત્રિકા હતી.

શ્રી જગદીશચન્દ્ર બોઝનાં પત્ની લખે છે કે "ઈ. સ. ૧૯૧૧ ના ઑકટોબરની ૧૩મી તારીખનું સવાર વાદળ અને ધુમસ વડે ઘેરાએલું હતું. સૂર્ય અરુણની

ટેકરીઓને અર્ચન કરતો ધીમે ધીમે ઉગતો હતો, અને આકાશની ફાટોમાંથી એનાં કિરણો ક્યાંક ક્યાંક ફેંકાતાં હતા. હું નિવેદિતાની મરણપથારી પાસે બેઠી હતી. નિવેદિતાએ મને એકવાર હૈમવતી ઉમાની વાત કહેલી તે એ વેળા યાદ આવી. આવી જ કોઇ સવારે, દેવી ઉમા–પાર્વતી પોતાને પીએર હિમાલય આવવા માટે શંકરના કૈલાસમાંથી નીકળ્યાં હશે. અહીં પણ બીજી ઉમા સુતી હતી. ત્રણ વરસના વિયોગ પછી તે પાછી પોતાની પ્રિય કરેલી એવી ભૂમિને ખોળે ઠરવા આવી હતી. મીંચાએલી આંખે એ પથારીમાં પડી પડી ગણુગણી, 'નાવ બુડે છે, પણ પ્રભાતનાં દર્શન હું જરૂર જોઇશ.' અને ખરે જ, અત્યારે પણ અદૃસ્ય રહીને આપણી એ હૈમવતી ઉમા હિન્દનો પ્રભાતકાળ જોતી હશે."

ઑક્ટોબરની એ સવારે એનો દેહાન્ત થયો અને એની છેલ્લી ઇચ્છા મુજબ એના દેહને હિન્દુ વિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.



છોકરો: સાહેબ, મેં કોઈ ચીજ ન કરી હોય તો મને માર પડે ખરો ?

માસ્તર: ના, કેમ ?

છોકરો: તો સાહેબ, આજે મેં લેસન નથી કયુ.

●

છોકરો: (શિક્ષકને) સાહેબ, પૃથ્વી ગોળ ફર્યા કરે છતાં લોકો તેના પર કેમ ટકી શકતા હશે ?

શિક્ષક: કેમ, વળી ? ગુરુત્વાકર્ષણના નિયમને લીધે.

છોકરો: એ તો હું સમજ્યો. પણ એ નિયમ શોધાયો તે પહેલાં લોકો કેમ ટકી શકતા હશે ?

●

એક મિત્ર: આજે સરોવરને કાંઠે ફરતાં ફરતાં મારી ઘડીઆળ ગજવામાંથી પડી ગઈ.

બીજો મિત્ર: પછી ? તે ચાલતી બંધ પડી ગઈ કે શું ?

પહેલો મિત્ર: ના...રે; એ તો એવી ચાલી, એવી ચાલી કે સીધી પાણીમાં જઇને તળીએ જ બેઠી !

●

એક મિત્ર—ભાઈ, અસહકાર કરીને વિદેશી ચીરૂટ કેમ પીઓ છો ?

બીજો મિત્ર—તમે ભુલો છો સાહેબ. આ તો હું વિદેશી માલ બાળી નાખું છું.

●



જરા ચેતજો

બહુ વાળ વધારો તો અગાઉથી ચેતીને તેનું જતન કરતા રહેજો; નહિંતર આની પેઠે ચકલાં અંદર માળા બાંધશે !

હકમચંદ શેઠ પેપર વાંચતા હતા, એટલામાં ટેલીફોનની ઘંટડી વાગી...ટ્રનનન ...ટ્રનનન...

'એલાઉ, તમારૂં નંબર ?' શેઠ રીસીવર લઇ પુછ્યું.

'૨૩૯૭'

'હેં ? કોણ ડેપ્યુટી માજીસ્ટ્રેટ સાહેબ ?...સાહેબ ! જ–જરા...થ–થો ભો...જી.' કહી શેઠ રીસીવર પડતું મુકી માથે પાઘડી વીંટાળવા લાગ્યા.

પાસે જ તેમના એક મિત્ર બેઠા હતા તેમણે પુછ્યુ, 'અરે શેઠ, ત્યાં ટેલીફોન પડતો મુકીને આ શું કરો છો ?'

'અરે, સામે ડેપ્યુટી માજીસ્ટ્રેટ સાહેબ બોલે છે. એમની સામે ઉઘાડે માથે વાત કરવાની બેઅદબી થાય કે ?'

●

અષાડી મેઘ

ઇન્દ્રતણી નભધેનુ સરખી,
    જળભર વાદળીઓ શિર ઝુકી;
શીતળ ભીનો પવન સર્યો.
    વાદળદળમાં વીજ ઝબુકી:
        ક્ષિતિજમાં અંબર ગગડ્યો,
        ઘન ગગન અષાડી ઘોર ચડ્યો !

ઘેરાં નીલાંબર તન ધારી
    વાદળીઓનાં વૃંદ ફરે;
અમૃત-જળ-ઝારી કર ધારી,
    હસતી રમતી ઝરમર ઝરે:
        અરસપરસ પાલવ પકડ્યો,
        ઘન ગગન અષાડી ઘોર ચડ્યો !



સુરપતિ રણુસંગ્રામ ચડચો,
    શિર મેઘાડંબર છત્ર રચ્યું;
વાવંટાળો વાવાઝોડું,
    ગડુડ ફડુડ ઘમસાણુ મચ્યું:
        આભ અહાહા ઉપ્ખળી પડચો,
        ઘન ગગન અષાડી ઘોર ચડચો !

શત દિવસ ઘન વરસે ધારે,
    અષાડની જામી એલી;
રગડા ખુબ મચ્યા મારગમાં,
    સૃષ્ટિ શોભે રસઘેલી:
        ઝાડ પહાડને રંગ ચડચો,
        ઘન ગગન અષાઢી ઘોર ચડચો !

સુરજને પકડી લઇ પુર્યો,
    ગ્રીષ્મ ઉપર અતિ કોપ કર્યો;
ઘટાટોપ ચોગરદમ ઘેરી
    વરુણુ અસ્ત્ર લઇ વિફર્યો:
        જગમાં તેનો પગ ન જડચો,
        ઘન ગગન અષાડી ઘોર ચડચો !

ટેરે પિયુ પિયુ ચાતક ઉંચે,
    મયુર ટહુકે મલકાતા;
લ્હેરી કો બંસી લલકારે,
    સૂર મધુરા છલકાતા:
        ખેડુત ખેતરમાં ઉપડચો,
        ઘન ગગન અષાડી ઘોર ચડચો !

ગિરિવર સરખા મેઘખંડમાં
    વિદ્યુત વજ્ર સમી સળકે;
એની ઝપટે કડડડ કરતો
    આભ નીચો જાણે લળકે:
        હમણાં એ પડશે કે પડચો !
        ઘન ગગન અષાડી ઘોર ચડચો !

શિરપર ગર્જન સુણી કેસરી
    વ્યાકુળ થઇ વનમાં ડણુકે;
મતવાલી હાથણીઓ સરખી
    ગાંડી થઈ ભેંશો ગણુકે:
        અંગ સકળ કીચડ ખરડચો,
        ઘન ગગન અષાડી ઘોર ચડચો !

શિવજટા પર ધવલ ગંગ શી
    મેઘ ઉપર રીંછાંઓ તરે;
એ ત્રુઠે ત્યાં ધરતીનાં તળ
    જળ જળ બંબાકાર કરે:
        સૃષ્ટિ જાણે ધોધ પડચો,
        ઘન ગગન અષાડી ઘોર ચડચો !

નાળાં નદીઓનાં નીર છલકે,
    ધરતી મલકે હરીઆળી;
ચંદ્ર રવિ શા નિર્મળ ચળકે !
    ઝળકે સંધ્યા અજવાળી:
        ભવ્ય અહા પડદો ઉઘડચો !
        ઘન ગગન અષાડી ઘોર ચડચો !

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

પુરણ ભગત

પ્રખ્યાત અંગ્રેજ લેખક
રડયાર્ડ કિપ્લિંગની લખેલી
ઉત્તર હિન્દુસ્તાનની એક ખરી બનેલી કથા



સર પુરણદાસ : કે. સી. આઈ. ઈ.

પુરણદાસ ઉત્તર હિન્દુસ્તાનના કોઇ દેશી રાજ્યના દીવાન થઇ ગયા. મુળ એ બ્રાહ્મણ. એમના પિતા કચેરીમાં નહિ જેવા અમલદાર હતા. પુરણદાસ મોટા થતા ગયા તેમ તેમ એમને સ્પષ્ટ જણાયું કે જુનો યુગ ઉતરે છે અને નવો બેસે છે. જો કોઈ પણ માણસ સમય સાથે આગળ વધવા માગે તો તેણે યૂરોપના લોકોમાં જે કંઈ સારૂં હોય તે શીખી લેવું જોઇએ. મુંબાઇની યુનિવાસટીમાં કેળવણી લઇને ધીમે ધીમે એ જાતહોશીઆરીથી દીવાનપદ સુધી પહોંચ્યા, અને ખુદ મહારાજા કરતાં પણ વધુ સત્તા અને લોકપ્રિયતા સંપાદન કરી.

વૃદ્ધ રાજાના સ્વર્ગવાસ પછી અંગ્રેજી કેળવણી પામેલો તરુણ રાજકુંવર ગાદીએ આવ્યો. હવે પુરણદાસ નવા રાજાના જમણા હાથ બન્યા. મહારાજાની સંમતિ લઇને તેમણે કન્યાશાળાઓ સ્થાપી, રસ્તાઓ બનાવ્યા, દવાખાનાં ખોલ્યાં, ખેતીવાડીનાં પ્રદર્શન ભર્યા અને ઔષધશાસ્ત્રના અભ્યાસ માટે 'સ્કૉલરશિપ' કાઢી. નવરાશની વેળાએ તેમણે 'પાયોનીઅર' પત્રમાં રાજ્યના સુધારા સંબંધી કાગળના રૂપમાં લેખ લખવા માંડ્યા.

હવે પુરણદાસ ઈંગ્લંડ ગયા. ત્યાં એમણે મોટાં માણસોને મળી ઘણું જોયું–જાણ્યું, ભાષણો આપ્યાં અને અંગ્રેજ બાનુઓ આગળ હિન્દુ સમાજના સુધારા ઉપર વિવેચન કર્યાં. કેટલીક વિદ્યાપીઠોએ તેમને માન દાખલ પદવીઓ આપી. આખું લંડન કહેવા લાગ્યું કે પુરણદાસ જેવો સરસ માણસ પૂર્વે કદિ જોવામાં આવ્યો નથી. જ્યારે એ હિન્દુસ્તાન પાછા ફર્યા ત્યારે બ્રાહ્મણ જ્ઞાતિએ તેમને પરદેશગમનને કારણે નાત બહાર મુક્યા. ખુબ ખરચ કરી તેમણે પ્રાયશ્ચિત્ત કર્યું! હિન્દી સરકારે તેમને 'નાઇટ' નો ઇલ્કાબ દીધો, એટલે એ 'સર પુરણદાસ, કે. સી. આઇ. ઇ.' કહેવાયા.

પુરણદાસને વિલાયતથી પાછા આવ્યે પુરો મહીનો નહોતો થયો, ત્યાં તેમણે એક અજબ સાહસ કર્યું. એ સાહસમાં એમની જીંદગીનું કલ્યાણ હતું. એક દહાડો દુનીઆના વ્યવહારોમાં બપોરની શાન્તિ નીતરતી હતી તે વેળા, તેમણે હિન્દુસ્તાનની સરકારને 'નાઇટ'-નો ઇલ્કાબ પાછો મોકલ્યો; પ્રધાનપદનું રાજીનામું દીધું; રહેવાની હવેલી ને ભોગવવાની સત્તા છોડીને તેમણે ભગવાં ધારણ કર્યાં અને હાથમાં કમંડળ લીધું; અને સંન્યાસી બની તે ચાલી નીકળ્યા.

કોઈને પણ આ વાતની નવાઇ ન લાગી, કારણકે મનુસ્મૃતિ પ્રમાણે પુરણદાસે આશ્રમધર્મનું પુરેપુરૂં પાલન કર્યું હતું. તેમણે પોતાનાં દ્રવ્ય, સત્તા અને શક્તિનો સદુપયોગ કર્યો હતો. જીવનમાં જ્યારે કીર્તિએ એમને વિજયમાળ આરોપી ત્યારે તેમણે એ સ્વીકારી; દેશદેશના અને લોકલોકના અનુભવો લીધા. પણ હવે, માણસ જેમ જુનાં કપડાં ઉતારી નાખે તેમ એક પછી એક આ સઘળું તેમણે ઉતારી નાખ્યું.

બગલમાં મૃગચર્મ અને પાવડી તથા હાથમાં કમંડળ લઇને, જ્યારે અડવાણે પગે ને નીચી નજરે પુરણદાસ શહેર બહાર નીકળ્યા ત્યારે તોપના અવાજ

થતા હતા. એ અવાજ નવા દીવાનના માનમાં હતા. શરીર પરથી કંઇ ખંખેરાતું હોય તેમ પુરણદાસનું શરીર કંપ્યું અને તેમણે માથું ધુણાવ્યું. પોતાને માટે દુનીઆદારીની જીંદગી પુરી થઇ હતી. કોઇ પણ વસ્તુ માટે એમને હવે મોહ નહોતો રહ્યો. હવે એ સંન્યાસી—ઘરબાર વિનાનો ભમતો ભિક્ષુક—હતો. હિન્દુસ્તાનની હવામાં જ્યાં સુધી શ્રદ્ધા, ભક્તિ ને દયાનો વાસ છે, ત્યાં સુધી કોઇ સંન્યાસી ભુખે ન જ મરે.

જ્યારે એ લંડનના ધમાલીઆ લત્તાઓમાં ફરતા ત્યારે પણ આ શાન્ત જીવનનું સ્વપ્ન એમની દૃષ્ટિ સમીપ રમી રહેતું. એ ધુળવાળો ભુખરો માર્ગ, કચડ કચડ કરતાં ધીમાં ગાડાંઓની આવજા, અંજીરનાં વૃક્ષો ઉપર થઇને ઉડતો સાંજનો ધુમાડો અને ઝાડને ઓથે બેસી રસોઇ કરતા મુસાફરો. આ સ્વપ્ન સાચું પાડવાનો સમય આવી લાગ્યો ત્યારે એમણે મુદ્દલ વાર ન કરી.

રાતનો અંધકાર જ્યારે જગતને વીંટી વળે ત્યારે પોતે પણ કોઇ સાધુઓના મઠમાં રાતવાસો રહે. ક્યારેક એ કાળાપીસ્ના તકીઆ



: વસંતતિલકા :

સંસારમાં પ્રથમ દર્શન જેનું કીધું,
ખોળે રમી હૃદયઅમૃત ખુબ પીધું;
જેને વિજોગ રજ આંખ ધરે ન શાતા,
એવી નમું જનની વત્સલ...મારી માતા.

•

જેને લીધે અધિક ચિત્ત પ્રસન્ન થાયે,
ને જ્ઞાનનું સુભગ તેજ મુખે સુહાયે;
સંસ્કાર સુંદર, અપૂર્વ વિશુદ્ધ વાચા,
એવી નમું પ્રિય સરસ્વતી...ધર્મમાતા.

•

જે લોકને પરમ પંચરસે ઉછેરે,
ને અંતરે સરળ સાત્ત્વિક ભાવ પ્રેરે;
જે એક આર્યજનના ધનની વિધાતા,
એવી નમું ગરવી ધેનુ...પવિત્ર માતા.

•

જે માટીનું સકળ સૃષ્ટિશરીર આવ્યું,
ને અન્નથી અખુટ ચેતન અંગ લાધ્યું;
જે ભસ્મમાં મરણકાળ સહુ સમાતા,
એવી નમું અમર ભારતી...પ્રાણમાતા.

———

આગળ ઉતરે, જ્યાં ફકીરો એમને આવતાંવેંત આવકાર આપતા; ક્યારેક કોઇ ગામને સીમાડે પડાવ નાખે, જ્યાં ઘરમાંથી ખાવાનું ચોરી લાવીને છોકરાઓ મીજબાની ઉડાવતા; ક્યારેક કોઇ ગોચરની વેરાન જમીન પર એ સુએ, જ્યાં એમની ધુણીના ઝાળથી પાસેના વણઝારાઓનાં ઉંઘતાં ઉંટ જાગી ઉઠતાં. પણ પુરણ ભગતને મન આ સઘળું સરખું હતું. તેમણે તો ઉત્તર તરફ ચાલ્યા જ કર્યું અને રોહતક તથા કર્નુલ પસાર કરી ગોગ્રા નદી ઓળંગી. છેવટે દૂર ક્ષિતિજમાં હિમગિરિની ઝાંખી હાર દેખાવા લાગી.

ડાંહલીઆ થોરથી ખીચોખીચ ભરેલા શિવાલિક પર્વતની કરાડો ચડતાં પુરણ ભગત બોલ્યા, 'હું તો પગે બેસીને જ્ઞાન મેળવીશ.' સીમલા તરફ વળતા માર્ગનો ઠંડો પવન આ વેળા તેમનાં અંગોને શીતળ કરતો હતો. એક વખત એવો હતો કે જ્યારે આ રસ્તે તે દરબારી ઠાઠમાઠથી વાઇસરૉયને મળવા જતા હતા; આજે તે જ સ્થળે કોઇનું ધ્યાન ખેંચ્યા વગર પોતાનો એકલવાયો પંથ એ કાપતા હતા. એક ઠેકાણે

તો એ કુદરત જોવામાં લીન બની ગયા. એકદમ એક સીપાઇએ બુમ પાડી, 'એ સાધુડા, રસ્તો રોકી કેમ ઉભો છે?' પુરણદાસે એકવાર કાયદા કર્યા હતા, તેથી તે કાયદા પાળતાં શીખ્યા હતા. સીપાઇની તોછડાઇ મનમાં લાવ્યા વગર તરત જ તે ચાલી નીકળ્યા અને રાતની રાત કોઈ ખાલી ઝુંપડીમાં સુઇ રહ્યા.

સવારે ઉઠી તેમણે ટીબેટનો માર્ગ લીધો. પર્વતની સાંકડી કેડીઓમાં થઇને તે ચાલ્યા. ઘણીવાર ઘેટાં બકરાં ચરાવતા ભરવાડો તથા માથે ભારીઓ લઇ જતા કઠીઆરાઓ સામે મળતા. કોઇ કોઇ વાર ટીબેટના ધર્મગુરુ 'લામા'ની ટોળીઓ અને દેશી રાજાઓની સવારીઓ જતી જણાતી. દૂર દૂરની ટેકરીઓ પરથી મોટરો અને ગાડીઓના અવાજના ભણકાર પુરણ ભગતને કાને પડતા. પરંતુ પળવારમાં એ સૌ અલોપ થતું અને નજર આગળ ફક્ત કુદરતનાં નવીન ચિત્રો ખડાં થતાં. પુરણદાસ આશ્ચર્યચકિત આંખે એ જોઈ રહેતા અને કુદરતમાંથી ઇશ્વરદર્શન કરવા આતુર બનતા.

એક દિવસ સમી સાંજે પુરણદાસ એક ઉંચા શિખરની ટોચે આવી ચડ્યા. ત્યાં દેવદારનાં વૃક્ષોની ગીચ ઘટા નીચે શીતળા માતાની જીર્ણ ને એકાન્ત દહેરી આવેલી હતી. આ સ્થળનો રમણીય દેખાવ જોઇ તેમની આંખો ઠરી. તેમણે આસપાસની જગ્યા વાળીચોળીને સાફ કરી; માતાની કરડી મૂર્તિનાં હસીને દર્શન કર્યાં; થોડીક માટી લાવીને એક નાનોસરખો ચુલો બનાવ્યો; પાંદડાંની પથારી કરી ઉપર મૃગચર્મ બીછાવ્યું અને પાવડીએ શરીર ટેકવી આરામ લીધો.

ટેકરીના ઢોળાવથી ૧૫૦૦ ફુટ નીચે તળેટીમાં એક ગામડું વસ્યું હતું. ખાણુમાં નીચે નાની કુંજ જેવું જણાતું એક જંગલ હતું. નીચલા આકાશના પોલાણમાં નાના કણ જેવાં ગરૂડ ઉડતાં. તળે ને ઉપર ક્યારેક વાદળાંઓ મોટા ખડકોને ખભે બેસતાં અને ક્યારેક બીજી ટેકરીઓની પાછળ અદૃશ્ય થતાં. આ સઘળું જોઇને પુરણદાસે વિચાર્યું, 'અહીં જ મને શાન્તિ લાધશે.'

ગામના લોકોએ શીતળા માતાના થાનકમાંથી ધુમાડો નીકળતો જોયો, એટલે કોઇ નવો અતિથિ આવ્યો છે એમ ધારી તેને તેડી લાવવા ગામના બ્રહ્મચારીને મોકલ્યો. પુરણદાસની આંખ, કે જે એક વખત હજારો માણસો ઉપર હુકમ ચલાવતી, તેની સાથે બ્રહ્મચારીની આંખ મળતાં જ તેણે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા, અને એક પણ ઉચ્ચાર વગર પુરણ ભગતનું ભિક્ષાપાત્ર લઇ પાછો ફર્યો. ગામનાં માણસોને એણે કહ્યું, 'આજ સુધી આવા સાધુ પુરુષનાં દર્શન નથી થયાં. ગામ આ સંતજનને લીધે ખરે જ પાવન થયું છે. એ સપાટ મુલકમાંથી આવે છે, દુબળો પાતળો છે, પણ કુલીન બ્રાહ્મણ છે.' દરેક ગૃહિણીએ સંન્યાસીનું સ્વાગત કરવા જુદી જુદી વાનીઓ પીરસી આપી. ભિક્ષાપાત્ર ભરપુર ભરાઈ ગયું એટલે બ્રહ્મચારીએ જઇને તેને ભગત આગળ ધર્યું. પહાડી લોકોનો ખોરાક સાદો હોય છે. શાક રોટલી, મધ, તાજાં ફળફુલ અને આદુહળદર. બ્રહ્મચારીએ પુરણ ભગતને પુછ્યું, 'બાપુ, આપને કામકાજ માટે કોઈ ચેલો જોઇશે? ઠંડી ન લાગે એવી કામળ લાવું? ભોજન આપને રુચિકર છે?' આ સાંભળી પુરણ ભગત પ્રસન્ન થઈ હસ્યા ને ગામના લોકને આશીર્વાદ દીધા.

દરરોજ સવારે બ્રહ્મચારી ભિક્ષાપાત્ર ભરીને દહેરી પાસેના ઝાડનાં બે મુળીઆં વચ્ચેના પોલાણમાં મુકી જતો. કોઇકોઇવાર ભગતનાં દર્શન કરવા આવીને ગામના લોક પ્રસાદ ધરી જતા. ક્યારેક વળી કોઇ વેપારી આશીર્વાદ લેવા આવતો. ક્યારેક કોઈ છોકરો છાને પગલે આવી અન્નપાત્ર મુકીને એકદમ દોડી જતો. પુરણ ભગત કદિ યે ગામમાં જતા નહિ. સૂર્યાસ્ત સમયે તે ખળાવાડના ચોકખા ચોકમાં માણસોનાં ટોળાં જુએ, ઉગતી કમોદના લીલા મોલ ઉપર નજર ઠારે અથવા ગળીના છોડનાં આસમાની ફુલઝુમખાં તરફ આંખ ફેરવે. આમ એ પ્રભુની અકળ લીલામાં લીન થતા.

જંગલના એકાન્તમાં પણ માણસ એકલો નથી પડતો. પશુપક્ષીઓ, વૃક્ષવેલીઓ, ઝરણ અને પત્થર સુદ્ધાં તેનાં સાથી રહે છે. રાત્રે તો આખું આકાશ અને અસંખ્ય તારા તેનો સાથ પુરે છે. શીતળા

માતાના મન્દિર આગળ કુંજની છાયામાં કેટલાં યે પ્રાણીઓ બપોરે આરામ લેવા આવતાં. તેઓને આ નવો મહેમાન ન ગમ્યો. એ કોણ અને કેવો છે તે જાણવાને આતુર દાઢીવાળાં લંગુરો (વાંદરાં) ભગતની આસપાસ અનેક અટકચાળાં કરવા મંડયાં. કોઈ તેનું કમંડળ ઉંધું પાડે; કોઈ તેની પાવડીને બટકાં ભરે; કોઈ તેના મૃગચર્મ સામે દાંતીઆં કરે. આટલું કર્યા છતાં પણ પુરણ ભગત શાન્ત બેઠા રહ્યા ત્યારે તેઓને ખાતરી થઇ કે એ તદ્દન નિર્દોષ માણસ છે. પછી તો તેમને મિત્રાચારી કરવાની મરજી થઇ. સાંજે હાથ લાંબા કરીને તેઓ ભગત કને ખાવાનું માંગતાં અને કુદકા મારી પાસેનાં ઝાડોમાં નીચેનીચે બેસતાં. ઠંડીમાં થીજી જતાં ત્યારે તેઓ પુરણ ભગતની ધુણી પાસે ટોળે મળી તાપતાં અને દેવતા સંકોરવાની વેળાએ પણ મુશ્કેલીથી પાછળ ખસતાં.

વાંદરાંઓ ગયા પછી બડાસીંગ નામનો સાબર આવ્યો. તે શીતળાની મૂર્તિ પાસેના ઠંડાગાર પથરાઓ સાથે પોતાનાં શીંગડાં ઘસીને ચળકતાં કરતો. પુરણ ભગતને જોઇ એ પગ પછાડવા મંડયો. પણ ભગત તો ત્યાંથી ન જ ખસ્યા. થોડીવારે તે લપાતો લપાતો પડખે ચડયો અને મારવાનો ડોળ કરતો હોય તેમ તેણે ડોક નીચી નમાવી. ભગતે પોતાનો શીતળ હાથ એનાં ગરમ શીંગડાં ઉપર ફેરવ્યો. આ માયાળુ સ્પર્શથી તે આવેશવાળા પ્રાણીને એટલું તો સુખ થયું કે તેનો સઘળો ક્રોધ ઉતરી ગયો. પછી તો સાબર એટલો હળી ગયો કે પોતાના પરિવાર સાથે તે ભગતની કામળ ઉપર આવી બેસતો. સૌથી શરમાળ કસ્તુરી મૃગ પણ ભગતના અખાડાનો સંગી થયો હતો. પુરણ ભગત બધાંને 'બાપુ' કહીને બોલાવતા; અને જરા મોટેથી 'ભાઈ, ઓ ભાઈ,' એમ કહેતા કે તરત સાદ સાંભળી સૌ પ્રાણી જંગલમાંથી દોડી આવતાં. શોણુ નામનું રીંછ ઘણીવાર ભગત પાસેથી ચાલી જતું. ભગત બીલકુલ બીના નહિ અને રીંછે પણ રીસ ન કરી. જ્યારે ઉજળા બરફની ટેકરીઓમાં લાલલાલ સૂર્યોદય ઝળહળી ઉઠતો ત્યારે ભગત પોતાની કામળમાં ગોટો વળીને



ભગતે બુમ પાડી, 'જેમ નસાય તેમ નાસો.'

સુતેલા શેણુને ઉઠાડતા. હુંફમાંથી આમ ઓચિંતા જગાડનાર સામે શેણુ આગલા બે પગે ઉભું રહી લડવા તૈયાર થતું; પણ પોતાના મિત્ર ભગતની વત્સલ આંખ જોઇ ઝંખવાણું પડી જતું.

જંગલનાં પ્રાણીઓ સાથેની આ ઓળખાણને લીધે આખું ગામ ભગતને ચમત્કારી પુરુષ માનતું. શુદ્ધ પ્રેમ સીવાય બીજો કોઇ ચમત્કાર તેમની પાસે ન હતો. પુરણ ભગત જગતને જ પ્રભુનો મોટો ચમત્કાર ગણતા. એ માનતા કે આ સૃષ્ટિમાં કોઈ ઉંચતીચ કે નાનુંમોટું નથી. સૌ જ પ્રભુનાં બાળક છે.

આમ કરતાં વરસો વીત્યાં. સંસારનું ચક્ર ચાલી રહ્યું હતું. ભગતનું ભિક્ષાપાત્ર રાખવાને ઠેકાણે ઘસારાને લીધે મોટી બખોલ બની અને પાવડી ટેકવી ટેકવીને નીચેના પથરામાં કાણું પડયું. ગામમાં પણ એક પેઢી બદલાઇને બીજી બેઠી.

પહાડી પ્રદેશમાં ચોમાસાનો ધોધમાર વરસાદ શરૂ થયો હતો. મહીનાઓ સુધી આખી ખીણ વાદળ અને ધુમ્મસથી ઘેરાએલી રહી. આશરે એક માસ લગી પુરણ ભગતને ગામ દેખાતું બંધ થયું. તે માત્ર વૃક્ષો ઉપરથી વરસાદની ધારાઓ અને પહાડના મોટા ધોધ સાંભળતા. છેવટે વરસાદ ઉઘડયો, આકાશ ખુલ્યું, સૂર્ય તપ્યો અને દેવદારોનો સુગંધ ફેલાવા લાગ્યો. અઠવાડીઉં નહિ વીત્યું હોય ત્યાં તો પાછો વરસાદ પડયો અને પર્વતનાં પડ જેવી કેટલી યે શીલાઓ ઉખેડી ગયો. તે રાતે ભગતે મોટું તાપણું કર્યું અને બડાસીંગ, શેણુ તથા વાંદરાઓને તાપવા માટે સાદ પાડી પાડી બોલાવ્યાં; પણ કોઈ જ ન આવ્યું. વાટ જોઇને એ થાક્યા. આમને સૌને શું થયું હશે, તેનો વિચાર કરતા કરતા ભગત ઉંઘમાં પડયા.

હજારો ઢોલ પીટાતા હોય એવો જોસબંધ વરસાદ મધરાતે પડવો શરૂ થયો. ભગતને લાગ્યું કે કોઇક કામળ ખેંચી પોતાને જગાડે છે. હાથ લાંબો કરી જુએ છે તો લંગુરનો હાથ ! ઉંઘમાં ને ઉંઘમાં એમણે કહ્યું, 'ભાઇ, ઝાડના કરતાં અહીં સુખરૂપ છે; આવ, મારી કામળીની હુંફમાં.' લંગુર તો એમનો હાથ ઝાલી જોરથી ખેંચતો હતો. પુરણ ભગતે પુછયું, 'ભાઇ, તું ભુખ્યો છે ? ખાવાનું જોઇએ છે ? થોડીવાર થોભ, હું રાંધી આપું.' ઉઠીને જેવા એ અગ્નિમાં લાકડાં સંકોરવા જાય છે તેવો જ પેલો લંગુર બારણા ભણી દોડયો, ભયની ચીચીઆરી પાડી અને પાછો ભગતના પગ પકડવા લાગ્યો. ભગતે કહ્યું, 'બાપુ, તને શું થાય છે ? જો, બડાસીંગ પણ આ આવ્યો. બહાર જવા જેવું નથી.' બડાસીંગ આવ્યો એવો જમીન ઉપર ધીમેધીમે પગ ઠોકવા અને ભગતની બાજુમાં પોતાનાં શીંગડાં ભરાવવા મંડયો. ભગત બોલ્યા, 'અરે, અરે, રાતવાસો રહેવા દઉં છું તેનો આ બદલો ? ' સાબર તો એમને બારણા ભણી ખેંચતો જ ગયો. એટલામાં ભગતે એક મોટો અવાજ સાંભળ્યો અને વીજળીના પ્રકાશમાં બે શીલાઓ એકાએક ઘસી પડતી જોઇ. તે મનમાં જ બોલ્યા, 'હાં, હાં, સમજ્યો. પહાડ પડે છે. પણ તેમાં મારે શું ? હું તો બીજે ઠેકાણે નહિ જાઉં.' આમ વિચાર કરે છે એટલામાં એમની નજર પોતાના ભિક્ષાપાત્ર ઉપર પડી. તરત જ તેમના ચહેરા ઉપરના ભાવ ફરી ગયા. એ ગણગણ્યા, 'હું આવ્યો છું તે દિવસથી ગામલોકે મને અન્ન આપી પોષ્યો છે. જો હું જલદી ચેતાવવા નહિ જાઉં તો આવતી કાલે એક પણ માણસ જીવતો નહિ હોય ! ' તેમણે બડાસીંગને કહ્યું, 'બાપુ, જરા મને તાપણા આગળ જવા દે . ' ભગતે એક મોટું ખોઇડું મશાલ તરીકે લીધું. 'જરા આગળ થા અને મને તારી પીઠ પર બેસવા દે.' એમ કહી તે બડાસીંગ ઉપર સવાર થયા. ડાબે હાથે તેમણે શીંગડું ઝાલ્યું અને જમણા હાથમાં મશાલ લીધી. એકદમ એ જંગલના ઢોળાણમાં ઉતર્યા. પવન પડી ગયો હતો, પણ વરસાદને લીધે મશાલ હોલાવા જેવી થઇ જતી. તેઓએ જંગલ પસાર કર્યું. તરત ભગતના સાથીઓ ભેગા થઇ ગયા. વાંદરાઓનું ટોળું કુદકા મારી દોડયું અને પાછળ હુંફ, હુંફ, કરતું શેણુ પણ ચાલ્યું. વરસાદને લીધે એના ઘેરા વાળની વાટો વળાઇને લટકતી હતી. પગ નીચે પાણીના ધોધ વહેતા હતા, તોપણ મુશ્કેલીથી બડાસીંગને અઢેલી, ભગતને પડખે રહી એ પંથ કાપતું આગળ વધ્યું.

માણસની વાસ આવવાથી બડાસીંગ ગામને પાદર

ખળાવાડ આગળ અટક્યો. ભગતે જોયું તો જણાયું કે તે ઠેકાણેથી ગામની એક શેરી શરૂ થતી હતી. શેરીને કાંઠે એક લુહારનું ઘર હતું. ભગતે ઉતરીને લુહારના ઘરનાં બંધ બારણાં પાવડી વડે ઠોક્યાં અને સાદ પાડયો, 'ઉઠો; ઝટ બહાર નીકળો, ને નસાય તેમ નાસો.' લુહારની સ્ત્રીએ ભગતને ઓળખ્યા. થોડીવારમાં ગામની નાની વસ્તીને જાણ પડી ગઇ. વાંદરાંઓનું ટોળું ભગતને ત્યાંથી ઝટ નીકળી જવા માટે ખેંચાખેંચ કરવા લાગ્યું. ગામલોક બધું ભેગું થઇ ગયું. ભગતે બુમ પાડી, 'જેમ ભગાય તેમ ભાગો. આ ખીણમાં થઇને સૌ સામી ટેકરી ઉપર ચડી જાઓ. બધાંને સંભાળીને લઇ જાઓ. અમે આ આવ્યા.' લોકો ઝપાટાબંધ દોડયા તેમની પાછળ ભગત અને તેમનો સંઘ હતો. ટેકરી ઉપર પાંચસો ફુટ ચડી બડાસીંગ ઉભો. સૌ ક્ષેમકુશળ આવી પહોંચ્યાં હતાં.

પણ ઠંડી અને ઝહેમતને લીધે વૃદ્ધ ભગત બેભાન થઇ ભોંયે ઢળી પડયા. પડતાં પડતાં પણ ગામલોકની મશાલો તરફ નજર કરી એ બોલ્યા, 'તમે સૌ આવી ગયાં?' બડાસીંગ તરફ જોઇને તેમણે કહ્યું, 'બાપુ, મારી સાથે રહેજે; હું જાઉં ત્યાં સુધી.' એવામાં જાણે આભ તુટી પડ્યું હોય એવો ભયાનક કડેડાટ થયો અને પાંચેક પળ સુધી તે અવાજ ચાલ્યો. બધે અંધારૂં ઘોર હતું. સઘળાં માણસો રાતની રાત દેવદારનાં ઝાડોમાં લપાઇ બેઠાં. પ્હો ફાટતાં જુએ છે તો દહેરી, જંગલ, રસ્તો કે ગામનું નામનીશાન નહોતું.

ગામલોક ભગતનો આભાર માનવા આવ્યાં. બડાસીંગ ભગત ઉપર ઝકુંબી રહ્યો હતો. તે ગામલોકને જોઇ જરા દૂર ઉભો. એની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. ઝાડની નીચી ડાળીઓ ઉપર વાંદરાંઓએ ચીચીઆરી મચાવી હતી, અને એક ટેકરા ઉપર શેણ ડુસકાં લઇ રહતું હતું. ભગત ઝાડને અઢેલી, પદ્માસન વાળી, સમાધિસ્થ થયા હતા.

ગામલોકે ત્યાં એમની સમાત બાંધી અને તે ટેકરીનું નામ 'ભગતની ટેકરી' પાડયું. આજ લગી તેઓ દીપધુપ, પુષ્પ અને પ્રસાદથી એ સમાતની પૂજા કરે છે.



રડયાર્ડ કિપ્લિંગ



ગિરનારની યાત્રા

: ગયા અંકથી ચાલુ :



સમુદ્રકાંઠે ફરતાં બાળકો છીપોલીઓ વીણવા મંડી જાય છે, વીણીને ગજવામાં ભરે છે; પણ આગળ ચાલતાં જ્યારે જાતજાતની નવાઇભરી એવી અસંખ્ય છીપોલીઓ તે જુએ છે ત્યારે તે ધરાઈ જાય છે અને પોતાની પાસેની બધી છીપોલીઓ પણ ફેંકી દે છે. અમારૂં પણ એમ જ થયું. એકએકથી ચડીઆતાં સુંદર ચિત્રોવાળા કોઇ મોટા પુસ્તકનાં પાનાં એક પછી એક ફેરવતાં જેમ પાને પાને નવું નવું સૌન્દર્ય લાગે છે, તેમ ગિરનારની ટુકો જેમ જેમ અમે વટાવતા ગયા તેમ તેમ સૃષ્ટિસૌન્દર્યના એકએકથી ચડીઆતા દેખાવો અમારી નજરે પડવા લાગ્યા.

રસ્તામાં પડું પડું થઇ રહેલા નાનામોટા પથરાઓ નીચેની ખીણમાં ગબડાવી, તેનો અવાજ સાંભળવા કાન માંડી પ્રયત્ન કરતા, તથા હર્ષના આવેશમાં નાચતા કુદતા અમે આગળ ચાલ્યા, અને 'ગોરખનાથ' નામની ટુક પર આવી પહોંચ્યા. આ શિખર પર એક બાવો રહે છે અને ગોરખનાથની પુજા કરે છે. એ સિવાય અહીં સામસામા ઢળી પડેલા બે મોટા પત્થરો વચ્ચે કુદરતી બની રહેલા નાનકડા પોલાણને 'પાપ-પુણ્યની બારી' માની શ્રદ્ધાળુ લોકો તેમાંથી ગળકી જવાના પ્રયત્નો કરે છે. પાપી હોય તે તેમાંથી ન નીકળી જઇ શકે એવી લોકોમાં માન્યતા છે. આ ટેકરી પર પવનનું જોર બહુ જ લાગ્યું. સુસવાટા તો એવા બોલતા હતા કે બસ. અમને લાગ્યું કે આ પવનના જોરથી બાવાજીની મઢી કોઇવાર હવામાં સફર કરવા ઉડી નીકળતી હશે !

આ જગ્યા પરથી ગિરનારનો પાછલો ભાગ સ્પષ્ટ જણાતો હતો. ગોરખનાથ પછી આવતા 'ગુરુ દત્તાત્રેય'ના શિખર પર પહોંચવાને અમારે લગભગ પાંચસોએક પગથીઆં નીચે ઉતરવું પડ્યું. આગળ જતાં એક બાવાની મઢી આવી. આટલે દૂર એકાન્તમાં આવેલા આ સ્થળેથી ગિરનારના અઘોરી, વાઘ, સિંહ કે જંગલની ગુફાઓની કંઇ અદ્ભુત વાતો અને માહીતીઓ સાંભળવા મળશે એવી આશાએ અમે એ મઢીમાં રહેતા બાવા જોડે વાતે વળગ્યા. પણ એ મહાત્માએ તો 'પૈસા' સિવાય બીજી કોઇ જાતની વાત કરવાની ઇચ્છા દર્શાવી જ નહિ. આવાં સ્થાનોમાં પણ પૈસાનું આટલું જોર જોઈ અમને નવાઇ લાગી.

એ મઢીથી થોડે દૂર કમંડલુ કુંડ નામની જગ્યા આવે છે. ચોમાસામાં એ બાંધેલી જગ્યામાં પાણી ભરાઈ રહે છે, અને પત્થરની ફાટોમાંથી થોડું થોડું પાણી ઝમ્યા કરે છે. એની આસપાસ કોઇ ઠેકાણે પાંડવ ગુફા નામની એક જગ્યા આવેલી છે એમ અમે સાંભળ્યું હતું. મઢીના બાવા પાસેથી તેની માહીતી માગતાં તેણે બતાવવાની ધસીને ના પાડી. આ જ જગ્યાએથી ગિરનારના છેલ્લા શિખર 'કાલકા' ઉપર જવાનો રસ્તો શરૂ થાય છે. અમે ત્યાં જવા તૈયાર થયા તો ત્યાં પણ પેલા આપખુદ બાવાએ, જાણે પોતાની જ આણ વર્તી રહેલી હોય તેમ, આડા ફરી અમને જવા ન દીધા. અમારી સાથેના ઉગતા કુમારોનાં ઉછળતાં લોહી આ આપખુદીથી ઉકળી ઉઠ્યાં; પણ લાકડીઓ ઉડવાની અણી પર આવેલી એ તકરાર અમે ડહાપણથી સંકેલી લીધી.

આ આપખુદી કોઈ પણ રીતે ટાળવી તો ખરી જ

એવો નિશ્ચય કરી, તુરતને માટે તો અમે પાછા વળ્યા અને 'ગુરુ દત્તાત્રેય'ની અતિ વિકટ, ઉંચી ને સીધી ગણાતી ટુક પર ચડ્યા. અહીંથી ચોતરફ ઘણે જ દૂર સુધીના સપાટ પ્રદેશ પર નજર પડતી હતી. દૂરબીનથી એ બધો રમણીય પ્રદેશ જોઇ અમે પાછા વળ્યા અને નીચે આવી કાળકાની ટુક પર જવાની યોજના ઘડવા બેઠા.

અમારી ટોળીના અમે બે ભાગ પાડી નાખ્યા. એક મજબુત ને ચુનંદા વિદ્યાર્થીઓની ટુકડીને ટેકરાની ઝાડી ઓળંગાવી કાળકા તરફ રવાના કરી. બીજી ટુકડીને બીજે દહાડે સાધારણ મુસાફરોને રસ્તે કાળકા લઈ જવાનું નક્કી કર્યું. તે ટુકડી, કાળકા તરફ જતા પોતાના સાથીદારો તરફ દૂરબીનમાંથી લાંબી નજરો ફેંકતી ઉતારા તરફ પાછી વળી. રસ્તામાં તેને જ્ઞાનના ભંડાર રૂપ એક સ્વામી મળ્યા. તેમની પાસેથી રાજનીતિ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે અનેક વિષયો પર એકેક કલાક સુધી ઉપદેશ સાંભળી તે મુકામે પહોંચી.

પેલી ટુકડી તો ઠેઠ કાળકા પહોંચી. લોકોની માન્યતા એવી છે કે કાળકાનો માર્ગ અતિઘણો વિકટ, વાઘ દીપડાથી ભરેલો તથા ભયાનક છે. પણ અમારી ટોળી તો વાઘ કે દીપડો કંઇ પણ જોયા વિના અને એક પણ માણસ ખોયા વિના સહીસલામત આનંદપૂર્વક પાછી આવી. પાછા વળતાં તો પેલા બાવાની મઢી આગળને રસ્તે થઇને જ આવ્યા. બાવો પણ આથી સમજી ગયો, અને અમને વધારે છેડવાનું મુકી દઇ બીજે દહાડે સૌને વગર અટકાવ્યે કાળકા જવા દીધા.

૩

રાત્રે શરીરમાં સોંસરા પેસી જતા પવનના સુસવાટા લાગતાં, જુનાગઢના મન્દિરમાં નકામા ભાર રૂપ ગણીને રહેવા દીધેલાં અમારાં ઓઢવા–પાથરવાનાં સાંભરી આવ્યાં. પહેરણ પર પહેરણો ચડાવી, ટુંટીઆં વાળી જેમતેમ રાત પુરી કરી અને સવારના તડકાની હુંફની આશાએ ઓરડી બહાર નીકળ્યા. પણ તે વેળા તો આસપાસનો દેખાવ બધો બદલાઇ ગયો હતો. ચોમેર જાણે રૂના ઢગલા ભરી દીધા હોય એવું ઘાડું ધુમસ જામેલું હતું. રાતની ઠંડી ખમ્યા પછી આવી સ્થિતિમાં બહાર નીકળવું જોખમકારક લાગવાથી, આખો દિવસ આવું રહે તો અમારામાંના કેટલાનું હૃદય બંધ પડી જાય તેની ગણતરી કરતા અમે આઠ વાગ્યા સુધી પડી રહ્યા. એટલામાં તો સૂર્યનારાયણે સવારી કરી ધુમસને જોતજોતામાં વીખેરી નાખ્યું, અને જાણે મેલ ધોવાઇ જઇ બધું સ્વચ્છ બન્યું હોય તેમ આસપાસનો દેખાવ વધારે સુંદર લાગ્યો.

અમારા ઉતારાની પાસે જ 'પત્થરચટી' નામનું એક નાનું સ્થાન હતું. પહેલાંના વખતમાં એક સાધુ પત્થર ચાટીને જ અહીં રહેતા, એ ઉપરથી એ નામ પડેલું કહેવાય છે. તેમના શિષ્યોએ અહીં મકાન બંધાવ્યું અને બાવાજીના સ્મારક રૂપે મન્દિરની સ્થાપના કરી. અહીંની રેતીમાં સોનાના કણ જેવું કંઇક ચળકતું અમને જણાયું. આ સ્થાનથી પણ નીચે આગળ જતાં ભૈરવજપ, ભરતવન, શેષાવન, હનુમાનધારા વગેરે જગ્યાઓ આવેલી છે. અમે તે બધી ઘુમી વળ્યા. તેની પેલીમેર વિકટ જગ્યાઓમાં અઘોરીઓનાં સ્થાનકો હોવાનું કહેવાય છે.

ભૈરવજપ વિષે એવું કહેવાય છે કે એ ખડક પર ચડીને નીચે ખીણમાં ભુસકો મારવાથી મોક્ષ મળે છે.* હાલ તો આ ખડક પર ચડવું પણ મુશ્કેલ લાગે છે. અમારામાંના ઘણાએ તે પર ચડવાના પ્રયત્નો કર્યા, પણ ઠેઠ તો કોઇ પહોંચી શક્યું નહિ. અહીં ચડીને અમે એક ફોટોગ્રાફ લેવડાવ્યો. ખડક પર 'સીતારામ' 'રામ' વગેરે અક્ષરો ઉંચે કોતરાએલા નજરે પડે છે. અમારી અગાઉ ઉપર ચડનારાઓએ પ્રયત્નો કર્યા હશે, અને પોતે જ્યાં સુધી પહોંચી શકયા હશે ત્યાં એ અક્ષરો કોતર્યા હશે એમ અમે કલ્પના કરી. ઘણાં વરસોથી કોઇએ ભૈરવજપ ખાધો હોય એવું સાંભળવામાં નથી.

ભૈરવજપથી ઉતરી કરમદી, આંબા, સીતાફળી, આસોપાલવ અને બીજાં અનેક જાતનાં ઝાડોનાં ઝુંડથી ઘટાઘોર થઇ રહેલા એક વનમાં અમે પ્રવેશ

* વધારે માહીતી માટે જુઓ શ્રી. કાલેલકરનો 'હિમાલયનો પ્રવાસ' પાનું ૬૨ મું.

કર્યો. પુરાણની કથાઓમાં વાંચેલાં વનનાં વર્ણનોનો અમને અહીં સાક્ષાત્કાર થતો હોય એમ લાગ્યું; અને બાવળ તથા કાંટાવાળાં ઝાંખરાંથી ઉભરાતાં અમે અત્યાર સુધી જોએલાં વનો ભુલાવા લાગ્યાં. બપોરના પ્રખર સૂર્યનાં કિરણો પણ ન ભેદી શકે એવી ઘાટી ઘટાઓ તળે પત્થરોની કુદરતી ગુફાઓ વૈરાગીઓની તપશ્ચર્યા માટે યોગ્ય સ્થાનો સુચવતી હતી. ભરત નામના ઋષિએ અહીં તપશ્ચર્યા કરી હશે તેથી આ વનનું નામ ભરતવન પડયું હશે. અહીંથી આગળ નીચે જઇ અમે એના જેવું જ શેષાવન જોઈ હનુમાનધારા પહોંચ્યા.

હનુમાનધારા આગળ લીંબોઇ તથા આંબાનાં ઝાડ સારીપેઠે જોવામાં આવ્યાં. આ ઠેકાણે હનુમાનજીની મૂર્તિ છે તથા તેના મુખમાંથી સતત પાણી ટપક્યા કરે છે. આથી નીચે આગળ મધ્ય જંગલમાં પર્ણકુટી બાંધી રહેતા ઝીણાબાવાની મઢી તરફ જવાનો રસ્તો અહીંથી છુટો પડે છે. કંઈ વિશેષ જોવાનું ન લાગવાથી અમે એ સ્થાન પડતું મુક્યું અને બપોર થએલા હોવાથી ઉતારે આવી જમીને આરામ લીધો.

જરા દહાડો નમતાં, આગલે દિવસે કાળકા જઈ આવેલી ટુકડીમાંથી થોડાની સરદારી નીચે બાકી રહેલા બધા કાળકા જઇ આવ્યા, અને ત્યાંથી પાછા ફરતાં પૂર્ણ કૌતક તથા શ્રદ્ધાથી પેલી પાંડવગુફાની શોધ કરવા લાગ્યા. અંધારૂં થવા માંડ્યું, ચોમેરથી ધુમસની સવારી ધસમસતી ચડી આવી અને ધીમે ધીમે સામે આવતાનું મોં સુઝવું પણ અશક્ય થઈ પડયું. પણ અંતે ઇશ્વરે અમારી મહેનતનો બદલો આપ્યો. પાંડવ ગુફા જડી. ફાનસ ચેતાવી અમે ગુફામાં ઉતર્યા અને ત્યાંનું અમૃત જેવું મીઠું શીતળ પાણી પીધું. રાતોરાત અહીં જ સુઇ રહેવાનો વિચાર આવ્યો, પણ અમારા બીજા સાથીઓને ચિંતા થાય એવું હોવાથી અમે ઉપડયા, અને રાત્રે મોડા, ટાઢે હેરાન થતા ઉતારે આવ્યા.

પેલા આપખુદ બાવાજીની મઢીથી માત્ર પાંચ જ મીનીટને રસ્તે આ ગુફા હોવા છતાં તેણે અમને તે બતાવી નહિ. અલબત્ત, રસ્તો જેટલો નજીક છે તેટલો જ વિકટ છે. પત્થરને બાઝી બાઝીને ઉતરવાનું, અને તેમાં જો જરાક હાથ લપસે તો સારીપેઠે હાડકાં રંગાય એમાં તો શંકા જ નહિ. પહેલાં કોઈ છોકરાઓની ટુકડી અહીં આવેલી, અને તેમાંના એક જણને અહીં સખત વાગેલું. આથી કદાચ બાવાજીએ અમને ના કહી હોય.

મોટા પત્થર કોરાઇને કુદરતીરીતે પાંડવગુફા બનેલી છે. ત્યાંનું પાણી તો એટલું મીઠું કે અમે ધરાઈ ધરાઇને પીધું, અને મસકો પણ ભરી લીધી. ગિરનાર પરનાં ભરતવન, શેષાવન (કદાચ સીતાવન હોય) હનુમાનધારા, પાંડવગુફા વગેરે નામો પરથી રામાયણ અને મહાભારત આપણા જીવનમાં કેટલાં ગુંથાઈ ગયાં છે તે સ્પષ્ટ સમજાય છે. આવાં યાત્રાનાં સ્થળોએ જ ધર્મને આપણા હૃદયમાં જીવતો રાખ્યો છે.

ગિરનાર પરનો અમારો ત્રીજો દિવસ સૌથી વધુ સુંદર હતો. ધુમસ અને ટાઢ ઓછાં થઈ ગયાં, પવન ધીમો પડી ગયો અને ઠંડી મધુર લહરીઓથી અમારાં મન નાચી ઉઠયાં. તે દહાડે અમે નીચે ઉતરવાનો ઇરાદો રાખેલો, પણ તેમ બની ન શક્યું. સાતપુડા નામની બાકી રહી ગએલી જગ્યા જોવા અમે લલચાયા. એ ઠેકાણે પાંડવગુફા જેવું જ મીઠું પાણી મળ્યું. ગિરનાર પર હવા ખાવા આવનાર શ્રીમંતો સારીપેઠે નાણું ખર્ચીને આ જગ્યાએથી પાણી મંગાવે છે !

બપોરે કંઇ ખાસ કામ ન હોવાથી આરામ લીધો અને થોડો સંતસમાગમ કર્યો. અમારી ઉછળતી વૃત્તિઓને દબાવી, ઠરેલ, ગંભીર અને અનુભવી સાધુઓનો ઉપદેશ શ્રવણ કર્યો. અમારા જેવા શ્રોતાજનો પહેલી જ વાર મળ્યા હોય એવો તેઓના ચ્હેરા પરથી ભાસ થતો હતો. સાંજ આમતેમ આથડવામાં ગાળી અને સવારે કુચ કરવાની હોવાથી સામાન સંભાળી, બાંધી લઇ, જોએલાં સ્થળોને ફરી ફરી યાદ કરતા સુઇ ગયા.

ગોરખનાથની ટુક પર ઉભા રહી બન્ને બાજુએ ગીચ જંગલમાં નજર કરતાં બે સપાટ સ્થળો નજરે પડે છે. એક બાજુ ઝીણાબાવાની મઢી, અને બીજી બાજુ બોરદેવીનું સ્થાન. અમારો વિચાર બોરદેવી જવાનો થયો. જુનાગઢથી સરળ રસ્તે ત્યાં જઇ શકાય છે ખરૂં, પણ

તેમ કરતાં એક દિવસ વધારે થાય એમ હોવાથી, પાંડવ ગુફા આગળથી સોંસરા જંગલમાં પડી અમે બોરદેવી તરફ કુચ કરવાનો નિશ્ચય કર્યો. ધીરજ અને સહનશીલતાની બરોબર કસોટી કરે એવું આ સાહસ હોવાથી દરેક જણને તેની અગત્ય સમજાવી. લગભગ બધા જણ હિમ્મતથી તે માર્ગે આવવા સંમત થયા. પાંડવ ગુફા આગળ જઈ નાસ્તો કરી પાણીની મસકો ભરી લીધી અને રસ્તામાં રખેને પાણી ન મળે તેથી સાવચેતી રાખી, કોઈએ પણ રજા વિના પાણી ન પીવાની સખત આજ્ઞા કરી કુચ શરૂ કરી. અમારામાંના ઘણાને અગાઉ આના કરતાં વિકટ મુસાફરીઓમાં વધારે કપરા અનુભવો થએલા, એટલે તેઓ તો બેફીકર હતા.

હસવું ને હસવું

: અંજની ગીત :

વ્યોમે ધર્મતણો ધ્વજ ધારી,
કુચ કરંતી તારી સવારી;
શૂરા સૈનિક થઈને મારે
ધસવું ને હસવું.

છો ગરજે દળ અસુર કેરાં,
કે વર્ષે બાણો વજ્જરનાં;
મૃત્યુના મોંમાં યે મારે
વસવું ને હસવું.

વીરોનાં ધડ માથાં ઢળીઆં,
કૈં કૈં પગલાં પાછાં વળીઆં;
તો ય ધરી શ્રદ્ધા મારે, ના-
ખસવું ને હસવું;

રોપેલો રણધ્વજ ધારીને,
ઉભું એકલડો મેદાને;
છેલ્લા યે ઉચ્છ્વાસે મારે
હસવું ને હસવું.

લશ્કરી સીપાઈઓની પણ કસોટી કરે એવી ચાર કલાકની આકરી મુસાફરી પછી અમે બોરદેવી પહોંચ્યા. ઉપરથી જોતાં ફક્ત એક જ કલાકનો માર્ગ હોય એમ લાગતું હતું. ટુંકામાં ટુંકે રસ્તે અને બીલકુલ મુશ્કેલી વિના અમે આ સાહસમાં સફળ નીવડ્યા.

છાશ અને પાણી સિવાય અહીં કશો જ ખોરાક મળ્યો નહિ, એટલે આટલા આકરા થાક પછીની બપોર અમારે ભુખ્યા જ વીતાવવી પડી. મધ્યાહ્નના અસહ્ય તાપથી શેકાએલાં પગનાં તળીઆં પસવારતા, ભુખ અને થાકના એકસામટા હુમલાથી હારી જઈ અમે ઉંઘી ગયા.

સ્વપ્ને યે ન ધારેલા એવા આ સ્થાનના સત્કારે અમને તેને વિષે તદ્દન બેપરવા કરી દીધા. ત્યાં બોરડીના ઝાડ તળે માતાજીની મૂર્તિ, અને ત્યાંનાં માણસોને પોતાનાં જેવાં જ ગણી તેમની સાથે હળીમળી રહેનાર ઢોરઢાંખર સિવાય બીજું ભાગ્યે જ જોવાનું હતું. અંતે ઇશ્વરે જ આવો પ્રસંગ આપ્યો માની અમે ઉલ્લાસથી જુનાગઢ તરફ ચાલી નીકળ્યા.

જયકૃષ્ણ [illegible]





કિરીટ

લેખક
શ્રી ધનગોપાલ
ચિત્રકારઃ રવિશંકર પંડિત

આખરે અમે શહેરમાં જવા ઉપડ્યા. કિરીટ ને કપિ તો હવે દિલોજાન દોસ્તો બની ગયા હતા. દુધનાં સરોવર ડેફી રહ્યાં હોય એવી અજવાળી રાત હતી અને કિરીટ બેપરવાઇથી બાદશાહની પેઠે ધીમે ધીમે ચાલ્યો જતો હતો. પણ કપિને કેમે ય ચેન પડતું નહોતું. કોઇકોઇવારે સાપનો ફુંફાડો કે ઘુવડની ચીચીઆરી સાંભળતાં એ ચમકી ઉઠતો.

તમને કદાચ ખબર નહિ હોય કે વાંદરાંને ને સાપને બારમો ચંદ્રમા. વાંદરાની જાત જ અટકચાળી, એટલે એનાં ફળ એને ઘણીવાર ભોગવવાં પડે છે. સાપ ઘણું-ખરૂં પંખીઓના માળા વીંખી નાખી તેમાંનાં ઇંડાં કે નાનાં બચ્ચાં ખાઇ જીવે છે. એટલે કોઇ માળામાં ચોરી કરવા સાપ ભરાયો હોય, ત્યાં રમતમાં ને રમતમાં વાંદરાભાઈ અંદર હાથ નાખે, એટલે કાકો ફટકાવે! સાધારણ રીતે કોઇ પણ પ્રાણી—કે માણસ પણ—સાપને છેડતું નથી. પણ તમે ધ્યાન રાખીને જોજો, કે ભુલે-ચુકે ય વાંદરાની નજરે ક્યાંક સાપ ચડ્યો કે તરત એ તેના પર ઝડપ મારી પકડવાનો. પછી તો સાપ ફટકાવે એટલે ઝખ મારીને પડતો મુકી ચીચીઆરી પાડતો ભાગે ને જમને ઘેર પહોંચે. પણ અટકચાળી જાત કોને કહે?

મેં ઘણીવાર એવા મરેલા સાપ પણ જોયા છે કે જેને વાંદરાએ પકડીને મરડીમચડીને તેની કરોડ ભાંગી ફેંકી દીધા હોય. પણ આમ બહુ ઓછું બને છે. ઘણું-ખરૂં તો વાંદરો જ સાપના દંશનો ભોગ થઇ પડે છે.

કપિ તો અમારા સહવાસમાં ઉછરેલો, ને જંગલનો અજાણ્યો, એટલે જંગલના ચિત્રવિચિત્ર અવાજોથી તે ફફડી ઉઠતો. છેવટે મેં તેને પડખામાં લઇ પંપાળ્યો ને કહ્યું કે 'અહીં દોસ્ત કિરીટની પીઠ પર કોઈ તારો વાળ પણ વાંકો કરનાર નથી. માટે છાનોમાનો જંપી જા.' આથી તેને કંઇક શાતા વળી લાગી.

આશરે સવારના ચારેકનો શુમાર હશે એવામાં કિરીટ એકાએક ચાલતો ચાલતો થંભી ગયો. હું તો ઉંઘમાં હતો, પણ કપિએ મને હાથ ખેંચી જગાડ્યો. જાગતાં વેંત મને લાગ્યું કે જાણે કાળાં કાળાં ઘોર વાદળાં અમારે પડખે થઇને સુસવાટ કરતાં જતાં હોય! કપિની આંખો ભય અને કુતૂહલથી ફાટી રહી હતી. ફિક્કો ને આછો પડતો પાછલી રાતનો ચંદ્રમા ઘેરાં વાદળમાં ડુબતો ઝાંખાં કિરણ ફેંકતો હતો. અમે શું જોયું ને શું સાંભળ્યું તેનું મને ભાન ન રહ્યું. જાણે કોઈ સેંકડો જંગલી હાથીઓનું મોટું ટોળું કોઈ એવી

ઉંડો ઉંડો શોર મચાવતું પસાર થતું હોય, કે ઘનઘોર વાદળના ગોટેગોટા જાણે જંગલમાં ચરવા નીકળ્યા હોય એવો ભેદી સન્નાટો ચોતરફ છાઇ રહ્યો હતો. એ શું હતું એનો ભેદ હજી હું ઉકેલી શક્યો નથી.

અચાનક કોઇ પંખીનો પ્રભાતનો પહેલો ટહુકો સંભળાયો અને એકાએક જંગલ આખું પ્રકાશમાં ઝળહળી ઉઠયું. અરુણની મધુરી બંસી જાણે પૂર્વ દિશાની ગુફામાંથી સંગીત રેલાવી રહી હતી ને પંખીઓ તેમાં સૂર પુરતાં હતાં. ધીમે ધીમે સુવર્ણરથમાં સૂર્યદેવની સવારી આવી પહોંચી. લગભગ દોઢ કલાક વીતી ગયો હશે, પણ અમે પ્રભાતની આ લીલામાં એટલા લીન થઇ ગયા હતા કે કિરીટે પાછું ક્યારે ચાલવા માંડેલું તેની પણ મને ખબર ન રહી.

એક નદીને કાંઠે આવી અમે મુકામ કર્યો. મેં કિરીટને નવડાવ્યો. કપિ જંગલમાં પેટપુજા કરવા દોડચો. પછી હું પણ નાહ્યો અને નદીના પાણીમાં પૂર્વાભિમુખે ઉભા રહી સૂર્યદેવને અર્ઘ્ય અર્પ્યો.

સવાર વીતતું હતું, કિરીટ પણ જંગલમાં ચારો કરવા ઉપડી ગયો હતો ને હું એક ઝાડ તળે રાંધતો હતો, એવામાં વણઝારાની પોઠ આવતી મેં જોઇ. કપિએ તો ઝાડની ટોચેથી એ દૂરથી જોઈ હશે એટલે કુદતો કુદતો ને હાંફતો હાંફતો આવી મારી આગળ તેણે કલબલાટ મચાવી મુક્યો. વણઝારા લોકો ટુંકો રસ્તો જાણતા હોય છે, ને વળી મુસાફરીમાં આ સાથ ભલો મળ્યો એમ ધારી મેં વણઝારની સાથે જ મુસાફરી કરવાનો મનસુબો કર્યો.

ધીમે ધીમે વણઝારનાં ઉંટની લાંબી ડોકો દેખાવા માંડી. ઉંટની સુંઘવાની શક્તિ બહુ તીવ્ર હોય છે. એ ઉંચું પ્રાણી પોતાની લાંબી ડોક ચારે તરફ ફેરવી સ્થળ સ્થળની વાસ લેતું જાય છે. એમ કહેવાય છે કે રણની મુસાફરીમાં તેને પાણીની વાસ આવે છે, એટલે તે મુસાફરોને એ તરફ લઈ જાય છે. આ કારણથી લાંબી મુસાફરીને માટે ઉંટ એ બહુ ઉત્તમ પ્રાણી ગણાય છે.

હાથી સૌ પ્રાણીઓમાં ઉચ્ચ મનાય છે; ને ઉંટ તો બીચારૂં મજુરી કરનારૂં વેઠીઉં ગણાય! તેથી કિરીટે, જાણે પોતે મોટા રાયજાદા હોય એમ ઉંટને જોઇને તિરસ્કારથી ફુંફાડો માર્યો અને અતડો રહેવા માંડ્યો. પણ મને એની એ ખોટી મોટાઈ પાલવે એમ નહોતી એટલે મેં તો વણઝારની પાછળ પાછળ સોએક વાર દૂર રહીને મુસાફરી કરવા માંડી. અને એ દૂર રહેવામાં જ માલ હતો; કારણકે નહિતર વળી કપિને ક્યાંક ઉંટના ઢેકા ઉપર કુદાકુદ કરવાનું મન થાત તો એકમાંથી બીજી બલા ઉભી થાત, ને એ તોડ-વછોડમાં કિરીટને સુંઢ વતી ઉંટની લાંબી લાંબી ડોકો મરડી નાખવી પડત!



બપોરવેળા થઇ એટલે વણઝાર અટકી ને પ્રાણીઓને જુદાં જુદાં ઝાડે બાંધી પડાવ નાખ્યો. ભાણુ બુડચે તો અમે શહેરમાં ખુશીથા પહોંચી જઇએ તેમ હતું એટલે સૌએ નીરાંતે બપોરાં કરી આરામ લીધો. સાડાત્રણેક વાગ્યા હશે ત્યાં પાસેની ઝાડીમાંથી કોયલ ટહુકી. કપિભાઇ એ સાંભળવા ડાહ્યાડમરા થઇ ઝાડે ચડ્યા. ઝાડમાં જ નાનેથી મોટા થએલો, એટલે એ ઝાડ પરથી આવતા જુદા જુદા સૂર ઓળખતો ને તેમાં એને રસ પડતો. અરધી કલાકમાં તો વણઝાર માર્ગે પડી.

સુંઢ લંબાવીને અટારીએ અઢેલી ઉભેલી એક રમણીના હાથમાંથી મોરપીછનો ભરેલો પંખો સરકાવી લીધો, અને મને તે આપવા સુંઢ લંબાવી. મેં તેને પંખો સ્રીને પાછો આપી દેવા કહ્યું, પરંતુ પેલી સ્રીએ અટારી પરથી હસીને કહ્યું, 'ભલે રહ્યો, ભલે રહ્યો, એ હવે. એકવાર ચોરી કરીને પાછા શાહુકારી બતાવવા શાના આવો છો ? હાથી બડો ચાલાક લાગે છે. પણ એ કંઈ તારા કરતાં ઓછો પાજી નથી.' મેં પંખો લઈ પેલી સ્રીને નમન કર્યું ને આગળ ચાલવા માંડ્યું.

ઘેરાતી જતી સંધ્યાના જાદુઈ પડદા પાછળ સૂર્ય અદૃશ્ય થતો હતો એ વેળા અમે હિન્દુસ્તાનની સૌથી પુરાણી નગરી કાશીપુરીમાં પ્રવેશ કર્યો. પતિતપાવની ગંગાનાં વેગવતાં પાણી, કાંઠા પરનાં મકાનો ને મન્દિરોની દીવાલો તથા ઘાટનાં પગથીઆંના પત્થરને, પતિતોનાં અંતરની જેમ, ધોઇધોઇને ઢીલાં કરતાં હતાં. કાશીના ગંગાકાંઠાનાં મકાનો ને મસ્જીદો, મન્દિરો ને બુરજો જો ધ્યાનથી નીરખીને જોઇએ તો, જરા એક બાજુ સહેજ નમી ગએલાં લાગે છે. આનું કારણ એ છે કે ગંગાનાં પાણી અથડાઇ અથડાઇને કિનારા પર આવેલાં એ મકાનોના પાયા ઘસવી નાખે છે. રાતની શાન્તિમાં તમે એકધ્યાન થઇ સાંભળો તો ધીમુંધીમું ઘુઘવતી ગંગા કેમ જાણે એ મકાનોના પાયા કોરી ખાતી હોય એવો ભાસ થાય.

બનારસની સાંકડી બજારોમાં અમારી વણઝારને એકએકની લાંબી હારમાં ચાલવું પડ્યું. સૌની આગળ ઉંટ હતાં. કપિ છાપરે છાપરે કુદતો, ને ઘડીએ ઘડીએ મારે ખભે કુદી આવી કલબલાટ કરી જતો. કિરીટને એ પડખે લટકતી રૂપાની ઘંટડીઓનો મીઠો રવ સંધ્યાની મધુરી શાન્તિમાં મળી જતો હતો. રંગબેરંગી વસ્રો પહેરી લોકો બજારમાં આવજા કરી રહ્યા હતા. ઘરનાં છાપરાં ને અગાસીઓ પર કબુતરો ઘુઘવતાં હતાં ને અટારીઓમાં વિશ્રાન્તિ લેતી સ્રીઓ કલ્લોલ કરતી હતી.

અમે થોડે દૂર નહિ ગયા હોઇએ એટલામાં કિરીટ

માંડ થોડાંક ડગલાં આગળ ગયા હઈશું એટલામાં ચીસો પાડતો ને કલબલાટ મચાવતો કપિ ધબ દઈને આવીને અમારે માથે પડ્યો. મેં ઉંચે જોયું તો પાસેના છાપરા પર એક માણસ ખુબ ક્રોધે ભરાઇને હાથમાં મોટો ધોકો લઇ અમારા તરફ ઉગામી રહ્યો હતો અને ગાળોનો વરસાદ વરસાવતો હતો. મેં હાથીને ઉભો રાખી તેને પુછ્યું, 'કેમ ભાઇ, આ ટાઢે પહોરે આટલા બધા ઉકળી જવાનું કંઇ કારણ ?'

'આ તારો વાંદરો !' એણે ચીડાઇને કહ્યું, 'આવીને મારા પાંજરામાંના પોપટને બધો પીંખી ગયો, ને પીછાં બીછાં ઉખેડીને કરી મુકયો નરો ભુંજેલા ગાજર જેવો ! મોટા નવાબજાદા થઇને હાથીએ ચડી નીકળ્યા છો, તે વાંદરાને કબજે રાખીએ. મારે હાથ પડયો હોત તો તો ઘણો યે આ ધોકે ધોકે પુરો કર્યો હોત !' મેં તેની માફી માગી અને રસ્તે પડ્યો.

બીજે દહાડે મળસ્કે, ગંગાસ્નાન માટે જનારાંના પગરવ ને કોલાહલ સાંભળી હું ઉઠ્યો અને પ્રાણીઓને ત્યાં જ સુતાં મુકી નદીએ ગયો. ઘાટનાં પગથીઆં માણસોથી ઉભરાતાં હતાં. કોઇ સ્નાનસંધ્યા કરતાં હતાં, તો કોઇ અર્ધ્ય આપવા માટે સૂર્યોદય થવાની રાહ જોતાં હતાં. હું નાહી રહ્યો એટલામાં તો પૂર્વ દિશા કંકુમ રંગે રંગાઇ ઉઠી અને જોતજોતામાં સૂર્યનાં કિરણો ફુટી આવી ગંગાનાં પાણી પર ગેલ કરવા લાગ્યાં. ગંગાના સ્તોત્ર ભણુતા, શ્લોકો ગણુગણુતા ને અર્ધ્ય આપતા ભાવિક યાત્રાળુઓનાં ટોળાં, તેમનાં પવિત્ર ભાવમય મુખ ઉપર પ્રકાશ પાડતાં ગંગાનાં ચમકતાં



કિરીટે સુંઢ લંબાવીને. અટારીએ ઉભેલી રમણીના હાથમાંથી મોરપીછનો ભરેલો પંખો સરકાવી લીધો.

પાણી, ને પ્રભાતનું મંગલ વાતાવરણ, એ સૌ અંતરને આલ્હાદ પમાડી પુનિત બનાવે એવું હતું. પણ આ બધું જોવા હું રોકાઇ શકું તેમ નહોતું, કારણકે કિરીટ ને કપિને રેઢા મુકીને આવ્યો હતો તેની ચિંતા મારા મનમાં પેઠી હતી.

જઇને જોઉં છું તો અજબ તાલ મચી રહ્યો હતો! કપિ કિરીટની ગરદન ઉપર ચડી બેઠો હતો; અને કિરીટ આ અટકચાળા પ્રાણીથી છંછેડાઇ ઉઠી ચીસો પાડતો આમતેમ ઘુમતો હતો ને સુંઢ વતી વાંદરાને પકડવા યત્ન કરી રહ્યો હતો. હાથીમાં એવી શકિત હોય છે કે તે પોતાની પીઠ પરની ચામડી ઉંચી-નીચી ચાહે તેમ સરકાવી શકે છે, ને ઉપર બેઠેલો અજાણ્યો હોય તો તેને પાડી ભોંયભેગો કરી દે છે. પણ તેની ગરદન પર બેસનાર આગળ તેની કંઇ કારી ચાલતી નથી; કારણકે ત્યાંની ચામડી એ સરકાવી નથી શકતો. કપિ ઉસ્તાદ હતો એટલે આ યુકિત જાણી

ગયો હતો, ને ડાહ્યોડમરો થઇ કિરીટની ગરદન પર ચોંટી રહ્યો હતો.

જતાંવેંત મેં કિરીટને બુમ પાડી એટલે તે ધુમતો અટક્યો ને ધ્રુજતો ધ્રુજતો મારી પાસે આવ્યો. મેં કપિને ધમકાવી નીચે ઉતરવાનું કહ્યું; પણ તે તો જાણે કંઇ જાણતો જ ન હોય તેમ ભોળો ભટાક બની મારી સામે જોઇ રહ્યો. આથી ચીડાઇને મેં તેના પર એક પત્થર ફેંક્યો. ચીસો પાડતો તે ત્યાંથી કુદી ઝાડે ચડી બેઠો. મેં કિરીટને થાબડી આશ્વાસન દીધું ને તેનો કાન પકડી શહેરમાં દોરી ચાલ્યો.

કિરીટ મારે પડખે ચાલ્યો આવતો હતો. એવામાં એક ઘરની પછીતને છેડે એક દરમાંથી ઉંદર નીકળતો એની નજરે પડયો. ઉંદરને જોતાં જ કિરીટે પોતાની સુંઢ વાળીને મોંમાં ખોસી દીધી ને ઉભી પુંછડીએ નાઠો.

હાથી દુનીઆમાં કશાથી ડરતો નથી; ફક્ત ઉંદર સિવાય. કારણકે ઉંદર તેની સુંઢમાં પેસી જઇ ત્યાંથી નસ્કોરા વાટે તેના મગજમાં ઘુસી જાય છે, અને તેથી હાથી માથાં પછાડી પછાડીને મરે છે, એમ કહેવાય છે.


બજારમાં ચોતરફ ગભરાટ ફેલાઇ રહ્યો. હું આ જોઇને બહુ ઝંખવાણો પડી ગયો. આગળ કિરીટ ને પાછળ હું, એમ દોડતા દોડતા અમે અમારે મુકામે આવી પહોંચ્યા. અપૂર્ણ]

ક્ષત્રિય અને બ્રાહ્મણ

: મનહર છંદ :

એક સમે એક ક્ષત્રિ આગળ બ્રાહ્મણે કહ્યું,
'અરે આજ અસલના ક્ષત્રિ યાદ આવીઆ;
દેશમાં ન થવા દેતા પરદેશીનો પ્રવેશ,
જેઓએ સંગ્રામ સજી જશ સંપડાવીઆ.
અરે, આ ભરતખંડ ભૂમિએ એવા ભૂપાળ,
શૂરવીર, ધીર, ગુણવાળા ક્યાં ગુમાવીઆ ?'
કહે દલપતરામ, સુણીને ક્ષત્રિયે કહ્યું,
'અસલના ઋષિઓના રક્ષણે સીધાવીઆ.'

કવિ દલપતરામ



ચીતરવાનું સહેલ છે

ગયા અંકમાં બતાવેલા ચિત્રના ટુચકાઓ જેમણે બરોબર સાધ્યા હોય તેમણે જ આ આગળનો ક્રમ લેવો.

વિદ્યાર્થીએ ધ્યાનમાં રાખવાનું છે કે આ ટુચકાઓ ચિત્રકામમાં પ્રીતિ ઉપજાવવા પુરતા છે. છતાં તે બરોબર હાથે બેસી જાય તો ચિત્રકળામાં પ્રવેશ થવો તદ્દન સહેલ છે.

આ ટુચકાઓ કરી જાણવાથી ઝટ ચિત્રકાર થઇ જવાશે એવું માનવાની ભુલ કોઇ ન કરે. ચિત્રકાર થવાને અને અદ્દભુત સુંદર ચિત્રો કરવાની શક્તિ મેળાવવાને તો વર્ષોનો સખત અભ્યાસ, બારીક અવલોકન અને ઉંચા સંસ્કાર પામવાની જરૂર છે.

એ મહાન અભ્યાસની બારાખડી જેવા આ ટુચ-



કાઓ છે. છતાં યોજકની ખાતરી છે કે બારાખડી શીખતાં જેટલો વખત લાગે છે તેનાથી પણ ઓછો વખત આ ટુચકા શીખતાં લાગશે. રોજની પંદર મીનીટ નિયમિત રીતે આ કામ પાછળ ગાળનાર માણસ છ મહીનામાં તો આશ્ચર્યકારક વધારો કરી શકશે.

પાછળની તકતીમાં જે જે ટુચકાઓ બતાવવામાં આવ્યા છે તે ફરી ફરી, તકતીમાં જોયા વિના જ કરવાની તાલીમ મેળવવી જોઇએ.

હવે પછી જે રીતો બતાવવામાં આવશે તેમાં વધારે અટપટું કામ આવવાનું છે; માટે દરેક વિદ્યાર્થીને ચેતવણી છે કે એ કામ ખરેખર અટપટું ન લાગે એટલા માટે, અત્યાર સુધીમાં બતાવવામાં આવેલી ચિત્રની બધી ગતો પાકી કરી લેવાની જરૂર છે. જ્યારે જ્યારે વખત મળે ત્યારે, પેન્સિલથી કે શાહીથી, ચાકથી કે પીંછીથી, એ ગતો મનમાંથી જ ઉપજાવી, યાદ કરી કાઢયા કરવી. અત્યાર સુધી બતાવવામાં આવેલી તકતીઓમાંની બધી ગતો તમને મોઢે થઈ ગએલી હોવી જોઇએ; અને યાદ કરીએ કે તરત સ્વાભાવિક રીતે જ તે તમારા હાથમાં ઉતરી આવવી જોઇએ.

અક્ષરો લખવા આજે તમને કેટલા સહેલા લાગે છે ? તમે કક્કો શીખવાની શરૂઆત કરી ત્યારે એ કેટલા અઘરા લાગતા હતા ? આ વાત યાદ કરો, અને તે ધ્યાનમાં રાખીને ચિત્રની ગતો શીખી લો. આટલા વર્ષોની મહેનત પછી તમે અતિ સહેલાઇથી અક્ષરો લખી શકો છો, તો થોડા વખતમાં એ બધાં ચિત્રો પણ સહેલાં થઈ જ જવાનાં.

માટે ફરી ફરી યત્ન કરો.



[‘ કુમાર ’ના પહેલા અંકમાં આ વિભાગ ખોલેલો જાહેર કરવામાં આવ્યા છતાં ગયા છ માસમાં અમને એને અંગે બહુ જ જુજ સવાલો મળ્યા છે. આ મહીનાથી એ વિભાગ શરૂ કરીને તે નિયમિત ચાલુ રાખવાની ધારણા છે. આશા છે કે વાચકો એને પોષ્યા કરશે. અત્યાર સુધી મળેલા સવાલો, એના ખુલાસા સાથે આ નીચે આપ્યા છે. સિવાય બીજા કેટલાક નવા સવાલો પણ આપ્યા છે. વાચકોને એના જવાબ લખી મોકલવા અમે નોતરીએ છીએ.]

દીવાસળીની શોધ ક્યારે થઈ?

સ્ટૉક્ટન-ઑન-ટીઝ ગામના વૉકર નામના માણસે ઈ. સ. ૧૮૨૭ ના એપ્રિલ માસમાં દીવાસળી શોધી.

રેડીઅમ શું છે ?

એ રૂપા જેવો ધોળો રાસાયણિક પદાર્થ છે. એને હવામાં ખુલ્લો ન મુકી શકાય, નહિતર એમાં વિકાર થવા માંડે છે. ઈ. સ. ૧૮૯૮ માં મૅડમ ક્યુરી અને તેના પતિએ પૃથ્વીના આ તત્ત્વની શોધ કરી. પિચબ્લૅન્ડ નામના એક ટન વજનના ખનીજમાંથી માત્ર થોડાક ગ્રેઇન રેડીઅમ મેળવી શકાય છે. દુનીઆમાં તે કીંમતીમાં કીંમતી ધાતુ મનાય છે.

‘સંધ્યા’ એટલે શું ?

‘સંધ્યા’નો રૂઢ અર્થ ‘ સાંજ ’; પણ ‘ સંધ્યા ’ એટલે એકલી સાંજ નહિ. રાતના અંધકાર અને દિવસના પ્રકાશનું મીલન તે ‘સંધ્યા.’ સંધ્યા સવારે ને સાંજે એમ બે વાર થાય છે. પ્રભુભક્તિ કરવા માટે એ સમય અત્યંત પવિત્ર મનાય છે. એથી એ સમયે હિન્દુઓ ધ્યાન અને ઇશ્વરપ્રાર્થના કરે છે, તેને પણ સંધ્યા કરવી કહે છે.

કાટ શાથી ચડે છે ?

લોઢું, ત્રાંબું, પિત્તળ, રૂપું વગેરે ધાતુઓ એવી છે કે હવામાંના ઑક્સિજન નામના વાયુના સ્પર્શથી તેઓમાં એક જાતનો રાસાયણિક વિકાર થાય છે અને તેના ઉપર તેનું આછું પડ બંધાય છે, તે કાટ.

નવા સવાલ

૧ ગંજીપાની રમત કોણે શોધી કાઢી ?

૨ સત્યનારાયણની કથાઓ જે હાલ વંચાય છે તેમાં સાધુવાણીઓ, કઠીઆરો વગેરેના દાખલાઓ છે. એ કથામાં એવું આવે છે કે ‘ સાધુવાણીઆએ કથા વંચાવી’. ત્યારે તેણે એ વખતે કઇ કથા વંચાવી હશે ?

૩ માથાના વાળ ખેંચીએ છીએ તો દુખે છે, ને કાપીએ છીએ તો નથી દુખતા. ત્યારે એને જીવતા સમજવા કે જડ ?

૪ માણસ પોતાનું આરોગ્ય બરોબર સાચવે તો કેટલો વખત જીવી શકે ?

એક તેતરને કારણે

પરશુરામે પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રી કરીને બ્રાહ્મણોને વહેંચી દીધી હતી. પણ એ વિના-મહેનતે મળી ગએલી ધરતીનું રક્ષણ બ્રાહ્મણો ન કરી શક્યા. અસુરો ધરણીમાતાની કાયાને ખુંદવા લાગ્યા. આથી ત્રાસીને દેવતાઓએ ભેગા થઇને આબુ પર્વત ઉપર એક અગ્નિકુંડ પ્રગટાવ્યો. એ અગ્નિકુંડની ઝાળમાં ચાર મોટા દેવતાઓએ જવના દાણા છાંટયા. તે જ ઘડીએ, એક પછી એક ચાર વીર પુરુષો અંદરથી પ્રગટ થયા. સોળે કળાએ શોભતો તેજસ્વી નર નીકળ્યો તે સોળંકી કહેવાયો. ચારે ભુજામાં હથીઆર ધારણ કરીને હાજર થયો તે ચહુઆણ (ચોહાણ) કહેવાયો. કુંડમાંથી નીકળતાં નીકળતાં પગમાં પોતાનું ચીર ભરાવાથી જે પડી ગયો તેનું નામ પઢીઆર પડ્યું. એ ત્રણે તો હાથ જોડીને આજ્ઞા માગતા માગતા નીકળ્યા. આથી દેવતાઓ નિરાશ થયા. છેવટે અગ્નિના ભડકામાંથી ‘ માર માર ’ની ત્રાડ દેતો જે બહાર આવ્યો ને આવીને ‘ પર ’ નામના રાક્ષસને જેણે સંહાર્યો તે પરમાર નામે ઓળખાણો. આબુ, ઉજ્જેન ને ચિત્તોડ ઉપર એના વંશની આણ વર્તી ગઇ. ચિત્તોડગઢનાં તોરણ બાંધનાર આ પરમાર વંશનો જ એક પુરુષ હતો.

એ જ વંશનો એક વેલો સિંધના રણવગડામાં પણ ઉતરી આવ્યો. એ વેલો ચલાવનાર મુળ પુરુષ સોઢાજી. તેના વંશજો સોઢા પરમાર કહેવાયા. સોઢા પરમારોના હાથનો ઉપરકોટ તાલુકો એક વેળા એમની પડતી દશામાં છુટી ગયો, ને નગરપારકરનો નાનો તાલુકો રહ્યો. ત્યાંનું બેસણું પણ ગયું, ને થરપારકર રહ્યું. થરપારકરનું રાજ એટલે તો માત્ર રેતીના રણનું રાજ. રાજધણીને રિદ્ધિસિદ્ધિમાં ઢોર સિવાય બીજું કાંયે ન હોય. માલધારી રાજા પોતાનો માલ ચારીને ગુજારો કરતા, નેસડામાં રહીને રાજમહેલની મઝા લેતા, રોટલા ને દુધ આરોગી અમૃતના ઓડકાર ખાતા ને રૈયતની સાથેસાથ રહી જીવ સાટે રક્ષા કરતા.

બાપુ રતનજી તો કૈલાસ સીધાવેલ, પણ મા જોમબાઈ હજી બેઠાં હતાં. મા જોમબાઇને ચાર દીકરા. અખોજી, આસોજી, લખધીરજી ને મુંજોજી. મા અને દીકરા ગોડી પારસનાથજીનાં પરમ ભક્ત હતાં.

સંવત ૧૪૭૪માં પારકરમાં કાળો દુકાળ પડ્યો. તાવડામાં ધાણી ફુટે એમ માલધારીઓનાં ઢોર ટપોટપ મરવા માંડયાં. આથી ત્રાસીને બે હજાર સોઢાઓ પોતાનાં ઢોર લઇ દુકાળ વર્તવા સોરઠમાં ચાલી નીકળવા તૈયાર થયા. ત્યારે ચારે ભાઇને ચિંતા થઈ કે એ પારકા મુલકમાં આપણી આ રૈયત જાય તેની રક્ષા કોણ કરશે ? તેથી અખોજી બોલ્યા કે ‘ ભાઇ લખધીર, તું ને મુંજો માણસોની સાથે જાઓ; હું ને આસો આંહી રહેશું.’ લખધીરજી ને મુંજોજી પોતપોતાની ઘોડી પલાણી તૈયાર થયા. ત્યાં મા જોમબાઇ બોલ્યાં કે ‘બાપ, આપણી રૈયતને પરદેશમાં મા ક્યાંથી મળશે ? માટે હું ય સાથે ચાલીશ.’

માતાજી રથમાં બેઠાં, ને બે હજાર સોઢાઓ એના રથને વીંટી વળીને પોતપોતાનાં ઢોર હાંકતા હાંકતા, રસ્તે ચારતા ચારતા, દર મજલ મુકામ કરતા ચાલી નીકળ્યા.

પણ લખધીરજીને તો નીમ હતું કે રોજ પોતાના ઇષ્ટદેવ ગોડી પારસનાથનાં દર્શન કર્યા પછી જ અન્ન

પાણી ખપે. આ દેવતાની પ્રતિમા પીલુ ગામમાં હતી. રોજ પ્રભાતે. જ્યાં મુકામ પડ્યો હોય ત્યાંથી લખધીરજી પોતાની હંસલી ઘોડીને પાછી ફેરીને પીલુ જઈ પહોંચે ને દર્શન કરી પાછા આવી પછી જ અન્ન આરોગે. એ રીતે તો જેમજેમ લાંબો પલ્લો થતો ગયો તેમતેમ પીલુ પહોંચવામાં મોડું થવા માંડ્યું. એક પહોર, બે પહોર, ચાર પહોર, ને પછી તો બબ્બે દિવસના કડાકા થવા લાગ્યા. એવામાં એક રાતે લખધીરજીના સ્વપ્નમાં ઇષ્ટદેવ આવ્યા ને બોલ્યા, 'બેટા, કાલ પ્રાગડના દોરા ફુટતાં જ તને એક ગાયનું ધણ સામું મળશે. તેમાં એક કુંવારી કાળી ગાય મોખરે ચાલતી હશે. એ ગાય પોતાનો આગલો પગ ઉંચો કરી તારી સામે જોઈ જ્યાં જમીન ખોતરે ત્યાં ખોદજે તો તને એક પ્રતિમા જડશે. એ પ્રતિમાનાં દર્શન કરી રોજ જમજે. રથમાં તેને પધરાવી સાથે લઈ જજે, ને જ્યાં રથ ઉભો રહી જાય ને ચસકે નહિ ત્યાં તારાં મુકામ કરી કાયમ થજે. તારી ફતેહ થશે.'

બીજે દિવસે પ્રભાતે સ્વપ્નાની વાત સાચી પડી. પાંચાળ ભૂમિમાં માંડવ ડુંગરની ધાર ઉપર જ ગાય મળી ને મૂર્ત જડી. એ માંડવરાજની પ્રતિમાને માતા જોમબાઇ ખોળામાં લઇ બેઠાં, ને સોનાના થાળ સરખી પાંચાળ ભૂમિમાં મોતીના દાણા જેવાં વેરાએલાં ગામડાં જોતા જોતા અગ્નિપુત્ર પરમારો આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં એક દિવસ એક રૂપાળા પ્રદેશની અંદર એક નાની નદીની બરાબર વચમાં દેવનો રથ ઉભો થઇ રહ્યો. ઘણા બળદ જોડીને ખેંચ્યો, પણ પૈડાં ચસક્યાં નહિ. નાડાં બાંધીને રથ તાણ્યો, પણ નાડાં તુટી ગયાં. લખધીરજીએ પોતાની પાઘડીનો છેડો ગળે વીંટી, પ્રતિમાની સામે હાથ જોડી કહ્યું કે 'હે દેવ! તે દિવસ સ્વપ્નામાં તમે કહેલું મને યાદ છે કે જ્યાં રથ થંભે ત્યાં મારે ગામ બાંધી રહેવું. પણ પ્રભુ, આ નદીને અધવચાળે કંઇ ગામ બંધાશે? સામે કાંઠે પધારો તો ત્યાં જ આપની સ્થાપના કરૂં.' એટલું બોલી પોતે પૈડાંને જરા હાથ દીધો, ત્યાં તો આરસપહાણની ભોં હોય તેમ રથ રડવા લાગ્યો. સામે કાંઠે જઈ ઉચાળા છોડ્યા, નાનાં ઝુંપડાં ઉભાં કરી દીધાં અને ચોપાસના નિર્જન મુલક ઉપર પરમારોની સિંધી ગાયો, ભેંશો, બકરાં, ઘેટાં ને ઉંટ ગળે બાંધેલી ટોકરીઓનો રણકાર ગજવતાં લ્હેરથી ચરવા લાગ્યાં. જે નેરામાં રથ થંભી ગયો હતો તે અત્યારે પણ 'નાડા-તોડીઉં' એ નામથી ઓળખાય છે.

પણ પારકી ભૂમિમાં એના ધણીની રજા વિના કેમ રહેવાય? પરમારનો દીકરો ને વળી પ્રભુનો સેવક લખધીરજી તપાસ કરવા મંડ્યો. ખબર પડી કે વઢવાણના રાજા વીસળદેવ વાઘેલાનો એ મુલક છે. નાના ભાઇ મુંજાજીને હાથ વસ્તીને ભળાવી લખધીરજી વઢવાણ આવ્યા. દરબારગઢની ડેલીએ બેઠા બેઠા વીસળદેવ ચોપાટ રમતા હતા. ત્યાં જઇને પરમારે ઘોડી પરથી ઉતરી, ઘોડીના પગમાં તાળાબંધ નેવળ નાખી, બગલમાં લગામ પરોવીને રાજાને જઈ રામરામ કર્યા. કદાવર શરીર, પાણીદાર છતાં ભક્તિભાવભીની બે મોટી આંખો, ને હજી ગઇ કાલે જ આબુના અગ્નિકુંડમાંથી 'માર માર' કરતો પ્રગટ થયો હોય એવો દેવતાઇ તેજસ્વી ચહેરો. જોતાંવેંત એક જુગની જુની ઓળખાણ હોય તેમ પરમારપુત્ર વીશળદેવજીના હૈયામાં વસી ગયો. મહેમાન ક્યાં રહે છે, કેમ આવેલ છે, નામ શું છે, એવું કાંઈ પણ પુછ્યા વિના પાધરો રાજાએ સવાલ કર્યો કે 'ચોપાટે રમશો?'

જવાબ મળ્યો, 'જેવી મરજી.'

'ત્યારે ઘોડી બાંધી દ્યો.'

'ના બાપુ, ઘોડી મારી હેવાઈ છે. બીજે નહિ બંધાય. એક તરણું પણ મોંમાં નહિ લે. હું બેસીશ ત્યાં સુધી ઉભી જ રહેશે.'

હંસલી પણ જાણે વાતચીત સમજી હોય તેમ એણે કાનસુરી માંડી ને હણહણાટી દીધી. વીસળદેવજીના હૈયામાં વધુ પ્રેમ પુરાણો. અને ચોપાટ ખેલવામાં લખધીરજીનો સાધેલ હાથ જોઈને તો વીસળદેવ પુરો મોહ પામી ગયા.

સાંજ પડી એટલે વીસળદેવે ઓળખાણ પુછી. લખધીરજીએ બધી વાત કહી સંભળાવી કે 'દુકાળ



કુમાર : અષાડ '૮૦ — એક તેતરને કારણે

ઘોડીને એડ મારી લખધીરજીએ કહ્યું, 'બા, રામરામ ! રજપુતનાં ઘોડાં ને રજપુતનાં માથાં બેય સાથે લેવાય, એ હવે ભુલશો મા.'



એક તેતરને કારણે

લડાઇમાં પોતાના શૂરા સોઢા મર્યાં, મુંજોજી મર્યાં, પણ શરણે આવેલા તેતરને પરમારની જનેતાએ ન સોંપ્યો.

વર્તવા વસ્તીને લઇ આવ્યો છું. રજા આપો તો માલ ચારીએ.'

વીસળદેવ બોલ્યા, 'એ ભોં તો ઉજ્જડ પડી છે. તમે પચાવી પડયા હોત તોપણ બની શકત. પણ તમે નીતિ ન તજી તેથી એ આખી ધરતી હું તમને જ સોંપું છું. સુખેથી ગામ બાંધો. પણ ઉભા રહો. એક શરત છે. રોજ આંહી ચોપાટ રમવા આવવું પડશે.'

લખધીરજીએ શરત કબુલ કરી. હંસલીના મોયલા પગમાંથી નેવળ છોડી, રાંગ વાળી પોતાના પડાવ તરફ ચડી ગયા. ડાયરો જોઇ રહ્યો કે 'વાહ રજપુત!'

એક દિવસ સાંજે લખધીરજી વઢવાણથી ચોપાટે રમી પાછા આવ્યા ત્યારે મુંજાજીએ વાત કરી કે 'ભાઈ, આજ તો હું પૂજા કરતો હતો ત્યારે માંડવરાજ બે વાર મારી સામે જોઇને હસ્યા.'

ચતુર લખધીરજીએ આ સાંભળી વાત રોળીટોળી નાખી; પણ અંતરમાં એને ફાળ પડી ગઈ કે નક્કી મુંજાજીને માથે ભાર છે. તે વગર પ્રતિમા હસે નહિ.

એ વાત તો વીસરાઇ ગઇ. રોજ સવારે હંસલી પલાણીને લખધીરજી વઢવાણ જાય ને સાંજે પાછા આવે. બધા પરમારો રાત દિ' હીલોળા લે છે.

'માડી, સાંભળ્યું કે?'

'શું છે છોડી?'

'આ ઓલ્યો રજપુત રોજ મારા બાપુ પાસે ચોપાટ રમવા આવે છે એ ખબર છે ને?'

'હા, એ આવે છે ત્યારથી દરબારે ઓરડે આવવાનું ય ઓછું કરી નાખ્યું છે. કોણ જાણે શું કામણ કરી મેલ્યું છે!'

'મા, તમે બહુ ભોળાં છો. સાચી વાત કહું? એ રજપુત આવ્યો છે સિંધમાંથી. એને એક જુવાન દીકરી છે. મારા બાપુને એની જોડે પરણવું છે, એટલે આ રજપુતને જમીન કાઢી આપી છે. રોજ આંહી ચોપાટે રમવા બોલાવે છે. પોતે પણ ત્યાં આવજા રાખે છે.'

વીસળદેવનાં રાણી અને એની વડારણ વચ્ચે એક દિવસ આવી વાત થઇ. લખધીરજીની લાગવગ વીસળદેવજી ઉપર એટલીબધી જામી ગએલી કે એના વિના ખાવું ન ભાવે. આ પ્રીતિ વઢવાણના દરબારી નોકરોથી નહોતી ખમાતી. એટલે લખધીરજીનો પગ કાઢવા માટે કામદારે આવી ખટપટ રાણીવાસમાં ઉભી કરી હતી.

રાણીને તો હાડોહાડ વ્યાપી ગઈ કે નક્કી શોક્ય આવશે. આખી એનાં રૂવાંડાં સડ સડ ઉભાં થઇ ગયાં. એનું પીઅર સાયલે હતું. પીઅરીઆં ચભાડ જાતનાં રજપુત હતાં. પોતાના ભાઇભત્રીજાને બોલાવી, બધી વાત સમજાવી રાણી ફૂંફાડી ઉઠી કે 'મારૂં ચલણ છે ત્યાં સુધી વઢવાણમાં તમે મોજ કરો છો. રાજા નવી લાવશે એટલે તમારો પગ પણ અહીંથી નીકળશે. માટે ભલું ઇચ્છતા હો તો જાઓ, એ કાળમુખા રજપુતોના લબાચા વીંખી નાખો ને એને મારી પાર-કરનો રસ્તો પકડાવો.'

સંવત ૧૪૭૪ની ફાગણ સુદ ત્રીજ હતી. પ્રતિમાજી હસ્યાં હતાં તેનું પરિણામ આવી પહોંચ્યું. ચભાડના ઘોડા સાયલેથી ચડી ચુક્યા. પણ પરદેશીઓને મારવાનું કાંઇક નિમિત્ત તો પ્રથમ શોધવું જોઇએ. તેથી પરમારોનો પડાવ પડયો હતો એટલામાં જ એક તેતરને ચભાડોએ તીર મારી વીંધ્યો. ઘાયલ થએલો તેતર ચોતરફ શીકારીઓ વચ્ચે ઘેરાઈ જવાથી જેમબાઇ માતા પૂજા કરતાં હતાં તેની પ્રતિમાના બાજઠ હેઠે ચીસો પાડતો ને બીકે ફફડતો આવી લપાઇ ગયો. માતાએ એ લોહીતરબોળ પંખીને છાતીસરસું લઇને પંપાળવા માંડ્યું.

ત્યાં તો ચભાડ આવી પહોંચ્યા ને બોલ્યા કે 'અમારો શીકાર સોંપી દ્યો.' જવાબમાં માતાજીએ કહેવડાવ્યું કે

સરણ ગયો સોંપે નહિ, રજપુતાંરી રીત;
મરે તોય મુકે નહિ, (જો) ક્ષત્રી હોય ખચીત.

ચભાડોને તો એટલું જ જોઇતું હતું. એમણે તલવારો ખેંચી. માતાએ કહેવડાવ્યું કે 'શામાટે ઠાલા ઝેર વાવો છો? તમે કહો તો મારાં ઘેટાં આપું; કહો તો ગાયોભેંશો દઉં; કહો તો તમારા સરદારને મારી દીકરી દઇ વહાલાં સગાં કરૂં; પણ મારી ઓથે આવેલું પંખી તો ન સોંપું. પણ ચભાડો ન માન્યા. એટલે

મુંજને માતા કહે, સુણ સોઢાના સામ,
દળમાં બળ દાખો હવે, કરો ભલેરાં કામ.

માતાની આજ્ઞા મળતાં બે ય હજાર સોઢા ઉભા થઇ ગયા.

સંવત ચૌદ ચમોતરે, સોઢે કર્યો સંગ્રામ;
રણ બાંધી રતનેસરે, નવખંડ રાખ્યું નામ.
વાર સનીચર, સુદ પખે, ટાઢા પુરણ ત્રીજ;
રણ બાંધિ રતનેસરો, ધારણ મુંજો ધીજ.
રંગભૂમિમાં રણ હુવો, રુધિર ગયો રંગરેલ;
રમત રાજવી રમ ગયો, ક્ષત્રી મુંજો ખેલ.
રીતે મુંજો રણ રહ્યો, પારકરો પરમાર;
વનમાં જોતી વાટડી, ક્યારે આવ કુમાર.
આ અવનિથી ઇઠ ગીયો, સોઢાનો સરદાર;
પાડ ચભાડાં પાંચસો, પડયો મુંજ પરમાર.
પડયા ચભાહડ પાંચસેં, સોઢા વીસું સાત;
એક તેતરને કારણે, અલ* રાખી અખીઆત.

ચભાડો મર્યા, પોતાના શૂરા સોઢા મર્યા, મુંજોજી મર્યો, પણ શરણે આવેલા તેતરને પરમારની જનેતાએ ન સોંપ્યો.

લખધીરજી તો એ વેળા વીસળદેવની ડેલીમાં ચોપાટ રમવામાં મશગુલ હતા. એને આ દગાની ખબર નહોતી. વીસળદેવની રાણીએ લખધીરજીને પણ તે જ દિવસે ત્યાં ને ત્યાં ટુંકો કરવાનું કાવતરૂં રચેલું. સાંજ પડી એટલે વીસળદેવજીને રાણીએ અંદર બોલાવી લીધા અને કહ્યું કે 'હવે આંહી બેસો.'

'પણ મહેમાન એકલા બેઠા છે.' વીસળદેવે કહ્યું.

'મહેમાનને એકલા નહિ રાખું. હમણાં એના ભાઇઓની સાથે જ સ્વર્ગાપુરીનો સાથ પકડાવી દઇશ.'

'રાણી, શું બોલો છો?'

'ઠીક બોલું છું. એની દીકરી હારે તમારે પરણવું'તું કાં?'

'અરે, તમે આ શી વાત કરો છો?'

'હું બધું ય જાણું છું. પણ આજ તો મારા ભાઇઓએ એ તમામને જમપુરીમાં પહોંચતા કર્યા હશે.'

*અલ=પૃથ્વી

વીસળદેવ બધો ભેદ સમજ્યો. દોડતો દોડતો ડેલીએ આવી લખધીરજીને કહે કે 'ભાઇ, જલદી ભાગ. તારે માથે આફત છે. ફરી આવીશ મા.'

ઝબ દઇને લખધીરજી ઘોડી પર પલાણ્યો. પણ ગઢ વળોટવા જાય ત્યાં તો રાણીના કાવતરાબાજો આડા ફર્યા.

'મને કોઇ રીતે જવા દ્યો?' તેણે પુછ્યું.

'હા; તારી હંસલી દેતો જા.'

'ખુશીથી. પણ દરવાજે. આંહી બજારમાં હું ગરાશીઓ ઉઠીને હેઠો હાલીશ તો મારી આબરૂ જાશે.'

દરવાજે પહોંચીને લખધીરજીએ હંસલીને એડ મારી ત્યાં તો હંસલી ઉડીને એક નાડાવા જઈ ઉભી. લખધીરજી બોલ્યા, 'બા, રામરામ! રજપુતનાં ઘોડાં ને રજપુતનાં માથાં બેય હારે લેવાય, એ હવે ભુલશો મા.'

હંસલીને જાણે પાંખો આવી. ઘણું યે દોડવા જાય; પણ શું કરે? પગમાંથી નેવળ કાઢતાં લખધીરજી ભુલી ગયા હતા. પાછળ વઢવાણની વાર હતી એટલે ઉતરીને નેવળ છોડાય એમ નહોતું. એટલે હંસલીને તો છલંગો જ મારવાનું રહ્યું. હંસલી ધરતી પર ચાલે તે કરતાં તો ત્રણગણું હવામાં ઉડવા લાગી. એમ કરતાં રસ્તામાં અઢાર વીસ હાથનો એક વોંકળો આવ્યો. પાણી ભરપુર હતું. લખધીરજીએ એડ મારી કે હંસલી ઉડીને સામે કાંઠે જઈ પડી. તે જ ઘડીએ ઘોડીના પગની નેવળ તુટી પડી. ત્યારથી એ વોંકળાનું નામ 'ઘોડાટપ' કહેવાય છે.

રસ્તામાં જ લખધીરજીને ફાળ પડી ગઇ હતી. મુકામ પર આવીને જુએ તો મા મુંજાજીના શબનું માથું ખોળામાં લઇને બેઠાં હતાં. એક તેતરને કારણે મુંજો મરે એ વાત સાંભળી લખધીરજીની છાતી સવા વેંત ઉંચી ચડી. માને કહે, 'મા, આજ રોવાનું ન હોય. આજ તો ધોળમંગળ ગાવાનો દિવસ છે. આજ તમારી કુંખ દીપાવી મુંજો સ્વર્ગે ગયો. જોયું એનું મોં? હમણાં ઉઠીને જાણે તમને ઠપકો દેશે. આવું મોત તો તમારા ચારે દીકરાને માટે માગજો, માડી!'

'બાપ લખધીર !' મા જેમબાઈ બોલ્યાં, ' તારો બાપ સ્વર્ગે સીધાવ્યા તે દિ' આ મુંજો પેટમાં હતો. એ કારણે મારાથી એની સંગાથે જવાણું નહિ. આજ તારા બાપની ને મારી વચ્ચે વીસ વીસ વરસનું છેટું પડી ગયું. હવે તો મુંજાને સથવારે જ મને રાજી થઇને જાવા દે.'

મા અને ભાઇને સ્વર્ગે વળાવીને લખધીરજી શોકમાં નહોતા પડી ગયા. એમણે એ ઠેકાણે ગામ બાંધ્યું. એક રબારણ રોજ મીઠું દુધ આપી જતી તેને બહેન કહેલી. એ રબારણનું નામ મુળી હતું. કોઇ કહે છે કે એ ઢેઢ હતી. એ મુળીની માગણીથી

ઉગતી પ્રજાના

ઉગતા લેખકો માટે

: એક નવી તક :

'કુમાર'માં હવે પછીથી એક નવી બાબત ઉમેરાવાની છે. તે એ કે 'કુમાર'ના વાંચનારાઓ માટે બે પાનાં આપવામાં આવશે.

'કુમાર'ના તંત્રીમંડળનો મુળ આશય તો 'કુમાર'માં માત્ર ઉંચી કોટિના લેખો આપવાનો જ છે; પરંતુ અમારા ઘણા વાંચનારાઓનો લખવાનો ઉમંગ એટલો બધો જણાયો છે કે અમારી પાસે તેમના લેખોનો ગંજ થઇ પડયો છે. તેમાંથી પ્રસિદ્ધ નહિ કરવા ધારેલા કેટલાક લેખો જે સારા જણાશે તે અપાશે.

આ ગોઠવણ હરીફાઈ માટે નથી. તેમાં ,ઈનામ કે બદલો મળશે નહિ. 'કુમાર'નું કોઇ પણ ગ્રાહક પોતાની ટુંકી વાર્તા, અવલોકન, પ્રવાસ, કવિતા, કોઈ પ્રાણી કે કુદરતનો અભ્યાસ, કોઈ ઉપયોગી વસ્તુની બનાવટ અથવા કોઇ રસવાળો પ્રસંગ લખી મોકલશે તે લેવામાં આવશે. લખનારાઓએ નીચેના નિયમો ધ્યાનમાં રાખવા.

¶ 'કુમાર'નું કોઇ પણ ગ્રાહક લેખ મોકલી શકે.

¶ લેખ ચોકખા અક્ષરે, શાહીથી, કાગળની એક જ બાજુએ લખેલો હોવો જોઇએ.

¶ દરેક લેખ સ્વતંત્ર વિચાર, અવલોકન કે અનુભવથી લખેલો હોવો જોઈએ. અનુવાદ, ઉતારા કે ફેરફાર કરી લખેલા લેખો નહિ ચાલે.

¶ કોઈ પણ લેખ ૫૦૦ શબ્દોથી વધારે ન હોવો જોઇએ. નાના ટુચકા ૧૫૦ શબ્દોથી લાંબા નહિ ચાલે: ખાસ ગુણવાળા લેખમાં તંત્રી છુટ મુકી શકશે. લેખના અંગનાં જરૂરી ફોટો કે ચિત્રો હોય તો સાથે મોકલવાં.

¶ લેખની શરૂઆતમાં મથાળે જ ડાબે ખુણે લખનારનું પુરૂં નામ, ગ્રાહકનંબર, સરનામું, તથા લેખ કેટલા શબ્દોનો છે તેની વિગત સ્પષ્ટ લખવાં જોઇએ.

¶ તંત્રીમંડળને લાયક જણાશે તે જ લેખ છપાશે. નહિ છપાએલા લેખો વિષે કશો જ ખુલાસો કરવા તંત્રીમંડળ બંધાતું નથી.

¶ લેખની સાથે, વળતા પોસ્ટેજ પુરતી ટીકીટો અને પોતાના સરનામાવાળો કાગળ લેખકે મોકલ્યાં હશે તો જ ન સ્વીકારેલા લેખો પાછા મોકલાશે.

ચેહ ખડકાવી માતાજી દીકરાનું શબ લઇને સતી થયાં. આજ પણ એ જગ્યાએ જેમબાઇ માતાનો પાળીઓ છે. આજ પણ જે બાઇને છાતીએ ધાવણ ન આવતું હોય તે એ પાળીઆને પોતાનું કાપડું અડાડી આવે તો ધાવણની શેડો છુટે છે.

પરમારે ગામનું નામ મુળી રાખ્યું. એ રીતે આજ મુળી સોઢા પરમારોની રાજધાની બન્યું. એ પછી તો પાંચસો પાંચસો ચોમાસાં પાંચાળની રઢીઆળી કાયા ઉપર વરસી ગયાં છે.

—'સૌરાષ્ટ્રની રસધાર'ના અપ્રકટ બીજા ભાગમાંથી.



આકાશદર્શન દૃષ્ટિ પાંચળી


મધા, ફાલ્ગુની અને મણિમાલા

અષાડની અમાસ (તા. ૩૧મી જુલાઇ); સૂર્યોદય ૬ ક. ૧૧ મી.; સૂર્યાસ્ત ૭ ક. ૨૦ મી.

ત્રીજા અંકમાં સપ્તર્ષિના બે તારા (પુલહ અને ક્રતુ) ને સીધી લીટીથી જોડી તે લીટીને ક્રતુની દિશામાં લંબાવવાથી ધ્રુવને ખોળી કાઢવાનું બતાવ્યું હતું. આ લીટીને ઉલટી-એટલે પુલહની દિશામાં-લંબાવવાથી તે મધા અને ફાલ્ગુનીની વચ્ચે થઇને પસાર થશે. ક્રતુથી ધ્રુવના અંતર કરતાં પુલહથી મધા-ફાલ્ગુનીના પ્રદેશનું અંતર લગભગ દોઢગણું છે. મધાનો આકાર દાતરડા જેવો છે. દાતરડાના હાથાને છેડે જે તારો છે તે મધાના બધા તારામાં વધારે તેજસ્વી છે. તેને મધાની 'યોગતારા' કહીશું. કોઇ પણ નક્ષત્રનો સૌથી તેજસ્વી તારો તે એ નક્ષત્રની 'યોગતારા' કહેવાય. જેમકે ગયા અંકમાં આવેલો 'પારિજાત' તારો જ્યેષ્ઠાની અથવા તો વૃશ્ચિકની 'યોગતારા' કહેવાય. મધા-યોગતારાનાં ઉદય અને યામ્યોત્તર દિવસના છે. અસ્ત રાતના ૮ ક. ૩૧ મીનીટે છે. આ વખત સૂર્યાસ્ત પછી બહુ જલદી હોવાથી મધા જોવા માટે વધારે સારી રાત્રિઓ અષાડ વદની શરૂઆતની છે. અમાસ કરતાં જેટલા દિવસ અગાઉ જુઓ તે દરેક દીઠ ૪ મીનીટ ઉપરના વખતમાં ઉમેરવાથી તે રાત્રે મધા-યોગતારાનો અસ્ત સમય આવશે.

ફાલ્ગુનીના ચાર તારા છે અને તે ચાર તારા મળીને ખાટલા જેવો એક લંબચોરસ થાય છે. એમાં પશ્ચિમ તરફના બે તારા 'પૂર્વા ફાલ્ગુની' અને પૂર્વ તરફના બે તારા 'ઉત્તરા ફાલ્ગુની' કહેવાય છે. ઉત્તરા ફાલ્ગુનીનો ઉત્તર તરફનો તારો ચારે તારામાં સૌથી ઝાંખો છે. અને દક્ષિણ તરફનો તારો ચારે તારામાં સૌથી તેજસ્વી છે: તેથી તેને 'ઉત્તરાફાલ્ગુની-યોગતારા' અથવા 'ફાલ્ગુની-યોગતારા' કહી શકાય. ફાલ્ગુની-યોગતારાનાં ઉદય અને યામ્યોત્તર દિવસના છે. અસ્ત રાતના ૧૦ ક. ૧૬ મીનીટે છે.

સપ્તર્ષિ, સ્વાતિ, ચિત્રા, હસ્ત, મધા અને ફાલ્ગુની મળીને એક સુંદર ઘરેણાના જેવો આકાર થાય છે. સપ્તર્ષિ, સ્વાતિ, ચિત્રા અને હસ્ત મળીને એક મણિમાલા થાય છે. સપ્તર્ષિ તથા હસ્ત આ મણિમાલાના બે છેડાના બે આંકડા છે. (જુઓ સાથેનું ચિત્ર) મધાને એક છુટો આંકડો સમજો, અને તેમાં ભેરવેલી એક બારીક સાંકળી વડે ફાલ્ગુનીની લંબચોરસ ચકતી લટકાવેલી છે એવી કલ્પના કરો, એટલે એક અતિ મનોહર ઘરેણું ખડું થશે.



હવે તો ચોમાસું બેઠું છે એટલે રાત્રિઓ વાદળાંઓથી ઘેરાએલી રહેવાની. પરંતુ બધી જ રાત્રિઓ કંઇ એવી નહિ હોય. આકાશદર્શનનો રસ ધરાવનારાઓને

તો એકાદ સ્વચ્છ રાત્રિ મળી જ જવાની. અને એ લાગ તેઓ ભુલવાના નહિ. એમ કરતાં અમાસથી જેટલા દિવસ મોડુંવહેલું થાય તે દરેક દિવસ દીઠ ચાર મીનીટ ઉદયઅસ્તના સમયોમાં વધારતા ઘટાડતા રહેવું.

ગયા અંકના લેખની શરૂઆતમાં છાપની બે ભુલો રહી ગઇ છે તે વાચકે સુધારી લેવી. એક તો, જેઠની અમાસની તારીખ ત્રીજી જુલાઈ છાપી છે તે બીજી જુલાઈ જોઇએ, અને તે દિવસનો સૂર્યોદય ૫ ક. ૪૮ મી. છાપ્યો છે તે ૫ ક. ૫૮ મી. જોઇએ.

હરિહર ભટ્ટ



લીલો મેવો

દરદી દૂર દેશમાં કે દરીઆમાં હોય તોપણ તેના હૃદયના ધબકારા સાંભળી શકાય એવું એક યંત્ર રેડીઅમની મદદથી જર્મનીએ બનાવ્યું છે !

ઇંગ્લંડમાં વાયરલેસ રાખવાના છ લાખ પરવાના તો અપાઇ ગયા છે.

ઉરૂગુઆઇનો એક શિક્ષક રજાના બાર દિવસ ગાળવા છ હજાર માઇલની મુસાફરી કરી ઇંગ્લંડ ગયો હતો !

ઇટાલીના એક રહેવાશીએ પાણીમાં ૩૦૦ વાર ઉંડે પેસી શકે એવું તેજનું કિરણ શોધી કાઢયું છે.

સિંધુ નદીમાંથી સુએઝની નહેર કરતાં વધુ મોટી ત્રણ નહેરો બંધાઇને આસપાસનો મુલક ફળદ્રુપ કરશે.

ફ્રાન્સમાં અમીરની પદવી ઉપર કર લેવાની સુચના થઇ છે.

ઑસ્ટ્રીઆ, હોલાંડ, નૉર્વે, પોર્ટુગલ, ઇટાલી, રૂમાનીઆ અને સ્વીડનમાં ફાંસીની સજા નાબુદ થઇ છે.

રશીઆના રાજકુમાર ને રાજકુમારીએ પૅરીસમાં હોટલ માંડી છે. તેમાં રશીઆના અમીરો નોકરો તરીકે કામ કરે છે.

ફ્રાન્સમાં જે ખેડુતો પોતાની જમીન ૩૦૦ વરસ ઉપર થયાં ખેડી રહ્યા છે, તેમને રાજ્ય તરફથી ચાંદ મળવાનો છે.

જર્મનીના વિજ્ઞાનશાસ્ત્રી હર ઓબર્થ, ઑલ્કોહોલ કે હાઇડ્રોજન અને ઑક્સિજનના મિશ્રણના ભડકાઓથી બળ ઉત્પન્ન કરી એક અજબ હવાઇ તૈયાર કરવાના છે. તે હવાઈ છોડવાથી ચંદ્ર સુધી ઉડી શકશે. ચંદ્ર પૃથ્વીથી ૨૪૯,૦૦૦ માઇલ છેટે છે. આ પ્રસંગ જોવાને ચંદ્ર ૫૦૦ ફુટ જ દુર દેખાય એવાં દુરબીન બનાવશે. આ પ્રયોગ ફતેહમંદ નીવડશે તો હવાઇમાં માણસો બેસે તેવી ગોઠવણ થશે. આ હવાઇ 'ચંદ્રનું બાણ' કહેવાય છે.

ઝેરી વાયુ બનાવવાના પ્રયોગમાં જર્મનીના સાત કારીગરો એ વાયુની અસરથી મરણવશ થયા છે. ડાકણ પોતાનાં છોકરાં પહેલાં ભરખે !

બંગાળાની સરકાર જમીનમાંથી વાંસના બનાવેલા નળ વાટે પાણી ખેંચવાના અખતરા કરે છે. વાંસના નળની બનાવટના માત્ર સાડા પાંચ રૂપીઆ ખર્ચ થાય છે, જેથી ગરીબ લોક પણ એનો ઉપયોગ કરી શકશે. જાપાનમાં આવા નળ ખુબ વપરાશમાં છે. આ જાતનું બોરીંગ એક કલાકનું ૭૦૦ ગૅલન પાણી આપે છે. તે પાણી પીવાના તથા ખેતરને પણ પાવાના કામમાં આવી શકે.

સુતી વખતે ઘોરવાનો અવગુણ હવાની નળીમાં ઓપરેશન કરવાથી ટળી શકે છે.

આફ્રિકાના વિક્ટોરીઆના જળધોધ નાયાગરાના ધોધ કરતાં બમણા એટલે ૪૨૦ ફુટ ઉંચા છે.

વીજળી એક મીનીટમાં અગીઆર લાખ માઇલ દૂર જઇ શકે છે.

ઘોડાની ઉમર તેના દાંતની સ્થિતિ ઉપરથી ગણવામાં આવે છે.

છોકરાંઓ જ બધી વસ્તુઓ ખોઇ નાખે છે એવું કંઇ નથી. સરકાર પણ કયારેક એવી ગંભીર ભુલ કરી બેસે છે. હજુ હમણાં જ સરકારે જટલૅન્ડની લડાઇનો એક અગત્યના કોલકરારનો દસ્તાવેજ ખોઇ નાખ્યો છે.

દુનીઆમાં તદ્દન એકાન્ત જીવન ગાળનાર બે માણસો છે, તેઓ ઉત્તર ધ્રુવના દરીયા ઉપરના વાયરલેસ સ્ટેશનની તથા વેધશાળાની સંભાળ રાખે છે. તેઓને વરસમાં માત્ર એકવાર ખોરાક પહોંચાડવામાં આવે છે !

મેક્સિકોમાં બુચનાં ઝાડનાં વનનાં વન છે.



માધુકરી

મુળુ ખાચર

ચોટીલાના મુળુ ખાચરને તો આખી પાંચાળ અત્યારે પુજી રહી છે. લુંટફાટ અને અત્યાચારના એ જુગમાં મુળુખાચરની તો નાડી ધોઇને પેટપીડવાળી બાઇઓને પવાતી હતી. મુળુ ખાચર ઘોડે બેસીને માર્ગે ચાલ્યા જતા હોય, ખરો ઉનાળો ખેરના અંગારા વરસાવતો હોય, અને એમાં જો કોઈ આવીને કહે કે 'બાપુ, મારી સ્રીને આડું આવ્યું છે,' તો એ કાઠી ત્યાં ને ત્યાં થંભી જતો. તે જ જગ્યાએ ધાંસીઓ નાખીને હાથમાં સુરજની માળા લઈ બેસી જતો; અને હોકાની ચલમમાંથી ચપટી રાખ નાખીને પાણી આપતો. આવનાર ધણી પોતાને ગામ જઇને એ પાણી પોતાની બાયડીને પીવાડે, અને પાછો જઇને દરબારને કહે કે 'બાપુ, આડું ભાંગી ગયું,' ત્યારે મુળુ ખાચર એ તડકેથી માળા ફેરવવાનું બંધ કરીને પાછા ઘોડે ચડે. ત્રણ કલાકમાં જો આડું ભાંગ્યાના ખબર ન આવે તો પ્રાણ કાઢી નાખવા માટે તરવાર પણ તૈયાર રાખીને જ બેસતા.

એક વખત ઉદેપુરના રાણાને કોઢ નીકળ્યો. એણે મેવાડમાં વાત સાંભળી કે કાઠીઆવાડના દરબાર મુળુ ખાચર પરનારીસિદ્ધ પુરુષ છે. એનું ન્હાએલું પાણી લાવીને રાણાજી ન્હાય તો કોઢ ટળે. રાણાનાં માણસો ચોટીલે પહોંચ્યાં. દરબારનાં માણસો સાથે મસલત કરી. દરબારનું ન્હાએલું પાણી એક દિવસ તાવડામાં ઝીલાઇને મેવાડને રસ્તે પડ્યું. પાછળથી મુળુ ખાચરને એની ખબર પડી. એના પરિતાપનો પાર ન રહ્યો. એણે વિચાર્યું કે 'હાય હાય ! રાણાનો કોઢ નહીં મટે તો જગતમાં મારે માટે શું કહેવાશે ? તે કરતાં તો મરવું શું ખોટું ?' એ ઉદેપુર પહોંચ્યા. છાના-માના જઇને રહ્યા. લોકોને મોઢેથી જ્યારે એણે એ પાણી વડે રાણાનો કોઢ મટ્યાની વાત જાણી ત્યારે એને નવો અવતાર આવ્યો ! ચોટીલે પાછા વળ્યા.

(સૌરાષ્ટ્રની રસધાર-અપ્રકટ-ભાગ ૨જામાંથી)

મુલ્ક મેદાન તોપ

એ તોપ નિઝામશાહની આજ્ઞાથી કૉન્સ્ટૅન્ટિનોપલના એક કારીગરે અહમદનગરમાં ઢાળીને બનાવી હતી. એનું વજન સાઠ ખાંડી છે. એની લંબાઇ નવ હાથ છે, અને પરીઘ પણ આશરે તેટલો જ છે. એમાં દારૂગોળો રહેવાની જગ્યા એટલી મોટી છે કે તેમાં બેસીને એક માણસ સહેલાઇથી પાઘડી બાંધી શકે. એના મોંનો વ્યાસ ચાર ફુટ આઠ ઇંચ છે. એ તોપ હાલમાં મહાકાળીના નામથી ઓળખાય છે અને ભાવિક લોકો હજુ તેની પૂજા કરે છે. ઔરંગઝેબે વીજાપુર જીત્યું તેના સ્મરણાર્થે ઇ. સ. ૧૬૮૫માં એ તોપ ઉપર એક લેખ કોતરાવ્યો હતો. ઇ. સ. ૧૮૨૩ માં કંપની સરકારે એ તોપ ઇંગ્લંડના રાજાને ભેટ આપવા ધાર્યું હતું, પણ એક એન્જિનીઅરે એવો અભિપ્રાય આપ્યો કે ઇંગ્લંડના કિનારા સુધી લઈ જવાનો રસ્તો એટલી સગ-વડવાળો નથી. તેથી તે હજુ ત્યાં જ પડી છે. (ક. છ. મા.)



દુનીઆમાં સૌથી ઉંચામાં ઉંચો માણસ

જાન વાન આલ્બર્ટ જાતે ડચ છે અને તેની ઉમર હાલ ૨૩ વર્ષની છે. તેની ઉંચાઇ અત્યારે નવ ફુટ ને સાડા ત્રણ ઇંચ છે; અને હજી તો એ વધવામાં.

રડયાર્ડ કિપ્લિંગ

આ અંકમાં આપેલી 'પુરણ ભગત'ની વાર્તાના મુળ લખનાર રડયાર્ડ કિપ્લિંગ ઇંગ્લંડની ઉગતી પ્રજાના માનીતા લેખક છે, અને જુવાન ઇંગ્લંડને પ્રાણવંતું કરવા કાજે એમણે ઘણું સાહિત્ય લખ્યું છે. ઇ. સ. ૧૮૬૫ના ડિસેમ્બરની ૩૦ મી તારીખે તે મુંબાઈમાં જન્મ્યા હતા. એમની માનું નામ એલિસ મૅકડોનલ્ડ. કિપ્લિંગની બે માશીઓ ઇંગ્લંડના પ્રખ્યાત ચિત્રકારો સર એડવર્ડ બર્ન જોન્સ અને સર એડવર્ડ જે. પૉઇન્ટરને પરણી હતી. કિપ્લિંગના પિતા જૉન લૉકવૂડ કિપ્લિંગ મોટા ચિત્રકાર અને લાહોર મ્યુઝીયમના પ્રતિપાળ હતા. આમ, રડયાર્ડ કિપ્લિંગ કુટુંબમાં પણ કળાના વાતાવરણમાં જ ઉછર્યા હતા.

૧૬ વર્ષની ઉમર સુધી ઇંગ્લંડની પાઠશાળામાં અભ્યાસ

જુદી જ સૃષ્ટિમાં તે ખેંચી જાય છે. ઉંચી કલ્પનાશક્તિ, પાત્રોની મીલાવટ, વાતચીતોની છટા અને વાતાવરણની અસર એ સઘળાં એમની વાર્તાના અતિશય સુંદર અંગો છે. એમનાં પુસ્તકો પ્રથમ હિન્દુસ્તાનમાં વખણાયાં. ઇ. સ. ૧૮૮૭ થી ૧૮૮૯ સુધી એમણે હિન્દુસ્તાન, ચીન, જાપાન અને અમેરિકામાં મુસાફરી કરી. પછી કિપ્લિંગ ઇંગ્લંડ ગયા. પોતાના આ પ્રવાસનું વર્ણન લખી કિપ્લિંગે પ્રગટ કર્યું. ઉપરાંત હિન્દુસ્તાનની બીજી કેટલીક વાતો એક માસિકમાં છપાવવા માંડી અને લાંબી નવલકથાઓ તથા કાવ્યો પણ રચવા માંડયાં. કાવ્યોમાં ખાસ કરીને એમના 'સૈનિકના રાસા' ઘણા વખણાયા અને તેને લીધે એમને પુષ્કળ કીર્તિ મળી.

પણ ઈ. સ. ૧૮૯૮માં કિપ્લિંગ દક્ષિણ આફ્રિકા ગયા. અહીંથી તેનું જીવન કંઈક પલટાયું. કેટલાં યે સંસ્થાનોપર રાજ્ય

અને આ ઝીણા બારીક રંગબેરંગી વસ્ત્રો શા સુખે અને શા હકકે આપણે પહેરીએ ? તસુ જમીન પણ આપણે કમાયા નથી. દોકડો પરાક્રમ તો કર્યું નથી. જે ગુલામીમાં–પારકાની રહેમ ઉપર જીવાતા જીવનમાં, અન્ન પણ ભાવવું ભારે થઇ પડે, તેમાં આ વિલાસ અને આ આછકલાઇમાં આપણી નરી કર્તવ્યભ્રષ્ટતા અને નરી બેવકુફી મને દેખાય છે. બિચારા પ્રતાપને પોતાનું એક છેલ્લું ગામ પણ સ્વાધીન ન બને



ત્યાં સુધી તૃણ ઉપર સુવાનાં વ્રત હતાં. આપણો તો સારો દેહ અને સારૂં જીવન ગુલામીમાં સડે છે. છતાં આપણને આ પાપી શોખ સુઝે છે. એ પવનમાં ઉડતા બારીક સાફાઓ, કેડીઆઓ અને ખેસોમાં હું તો આપણી ગુલામી, નબળાઇ અને કર્તવ્યભ્રષ્ટતાના ધ્વજ ફરકતા જોઉં છું. પ્રભુ આપણને એમાંથી બચાવો !

—કાઠીઆવાડ રાજપુત પરિષદ્‌ના પ્રમુખ શ્રી મનુભાના ભાષણમાંથી.

કરીને હિન્દુસ્તાન પાછા આવી, કિપ્લિંગ સત્તર વર્ષની નાની વયે 'ધ લાહોર સિવિલ ઍન્ડ મિલિટરી ગેઝેટ' પત્રના ઉપતંત્રી થયા. ઈ. સ. ૧૮૮૬ માં એમણે ભોજા ભગતના ચાબખા જેવાં કાવ્યોનો એક સંગ્રહ છપાવ્યો, અને ૧૮૮૭ માં પોતાના પત્રમાં પ્રગટ કરેલી 'ટેકરીઓની વાતો' પુસ્તક રૂપે બહાર પાડી. ત્યાર પછીનાં બે વરસ દરમ્યાન તેણે વાર્તામાળાનાં બીજાં છ પુસ્તક છપાવ્યાં. કિપ્લિંગને હજુ પુરાં ૨૪ વરસ નહોતાં થયાં ત્યાં તો એ કલ્પિત વાર્તાના લેખક તરીકે પંકાવા લાગ્યા. એમાંની થોડીક વાર્તાઓ તેણે પોતાના પિતા પાસેથી સાંભળેલી અને બીજી અવલોકન તથા અનુભવથી રચી કાઢેલી. વાર્તાઓનાં વસ્તુ અને પ્રાણ તો એમનાં પોતાનાં જ. આ વાર્તાસાહિત્ય 'અનુપમ' મનાયું. કથા લખનાર તરીકે એમનામાં એવું તો જાદુ છે કે વાંચનારને

કરનાર પ્રજાના પોતે પ્રજાજન છે એવું સામ્રાજ્યવાદી અભિમાન એમનામાં જાગ્યું અને એની માઠી અસર એમનાં લખાણને પણ લાગ્યા વગર ન રહી. થોડાંક વરસ અમેરિકામાં રહી ઇ.સ. ૧૮૯૨માં એમણે મિસ કેરોલાઇન સ્ટાર બેલેસ્ટીઅર સાથે લગ્ન કર્યું. એ બન્ને પતિપત્નીએ સાથે રચીને 'નવલખા' નામનું પુસ્તક છપાવ્યું. ઇ. સ ૧૮૯૫ માં 'જંગલ બુક'ના બે ભાગ એમણે કાઢયા. આમાં સઘળી વાર્તાઓ પ્રાણીઓની લખાએલી છે. આ બે એમનાં સર્વોત્તમ પુસ્તક છે. ઈ. સ. ૧૮૯૬માં 'સાત સમુદ્રો' નામે એક કાવ્યગુચ્છ અને ઇ. સ. ૧૮૯૭ માં એક નવલકથા બહાર પાડયાં. 'કીમ' નામની એમની લાંબી કથા ઘણી પ્રશંસા પામી. એમના સાધારણ લખાણમાં પણ ઉત્સાહ અને જોમ હોય છે. સરસ ગદ્યમાં ટુંકી વાર્તાઓના લેખક તરીકે કિપ્લિંગ અપૂર્વ છે અને

અત્યારના અંગ્રેજ ગ્રંથકર્તાઓમાં એમનું અગ્રસ્થાન છે. ઈ. સ. ૧૯૦૭ માં એમને નોબેલ ઇનામ મળ્યું અને પછી તો એ જગવિખ્યાત થયા.

બ્રિટિશ સામ્રાજ્યનું પ્રદર્શન

એપ્રિલની ગઇ ૨૩મી તારીખે લંડનના વેમ્બ્લી નામના વિભાગમાં બ્રિટિશ સામ્રાજ્યનું પ્રદર્શન ખુલ્લું મુકવાની ક્રિયા શાહાનશાહ જ્યૉર્જે કરી. 'આ પળે હું બ્રિટિશ સામ્રાજ્યનું પ્રદર્શન ખુલ્લું મુકું છું' એવો તેનો સંદેશો વાયરલેસથી આખા જગતમાં ફરીને ૮૦ સેકન્ડમાં પાછો વળ્યો હતો. આ પ્રદર્શનનો કુલ ખર્ચ ૧૨,૦૦૦,૦૦૦ પાઉન્ડ થયો છે. હિન્દના દેશી રાજ રજવાડાઓમાંથી કળાના બહુમૂલ્ય નમુના ત્યાં રજુ થયા છે. હિન્દુસ્તાનના હાથઉદ્યોગ, ચિત્રકળા, સુખડ અને હાથીદાંતનું કોતરકામ વગેરે ત્યાં બતાવવામાં આવ્યું છે. કાશ્મીરનું બારીક ભરતકામ, જયપુરનું પિત્તળકામ, બંદરોના દેખાવ ત્યાં દેખાડવામાં આવ્યાં છે. શેરીઓમાં ભમતા મદારીઓની જાદુઈ રમતો સુદ્ધાં ત્યાં કરી બતાવાય છે. આ સઘળાના ખર્ચ પેટે હિન્દુસ્તાનની સરકાર પ્રદર્શનના ફાળામાં સત્તાવીસ લાખ રૂપીઆ ભરશે. આ રકમ બીજાં બધાં અંગ્રેજ સંસ્થાનોની રકમો કરતાં ઘણી ભારે છે. બ્રિટિશ સામ્રાજ્યની મોટાઈનું પ્રદર્શન દુનીઆ આગળ કરી બતાવવા માટે હિન્દની ગરીબ પ્રજાએ એટલો ચાંલ્લો કરવો !

સ્વીકાર



નવાં ગીતો: (બાળકો માટે) લખનાર ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ; પ્રકાશક, નવજીવન પ્રકાશન મન્દિર. અમદાવાદ: કીંમત ત્રણ આના.

સ્વર્ગનું અમૃત: કર્તા સ્વ. વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીઆર; પ્રકાશક, શ્રી સૌરાષ્ટ્ર સેવા-સંઘ તરફથી વેણીશંકર વહાલજી પઢીઆર, પઢીઆર આશ્રમ ચોરવાડ. કીંમત રૂ. દોઢ.

જપજી: (ગુરુ નાનકદેવ કૃત) અનુવાદક સૌ. ભાનુમતી દલપતરામ ત્રિવેદી સાન્ટાક્રુઝ; પ્રકાશક ઉપર મુજબ. કીંમત આઠ આના.

બે નળાખ્યાન: સંશોધન કરી ઉપોદ્ઘાત તથા ટીકા સાથે પ્રકટ કરનાર, રામલાલ ચુનીલાલ મોદી, પાટણ. કીંમત બે રૂપીઆ.

સંસાર સ્વપ્ન: પ્રો. બેઈનના પુસ્તક ઉપરથી અનુવાદક અને પ્રકાશક, હીરાચંદ કસ્તુરચંદ ઝવેરી; સોલ એજન્ટ, વર્ધમાન ઍન્ડ સન્સ પાયધુની, મુંબાઈ ૩. કીંમત એક રૂપીઓ.

પ્રભુની ફુલવાડી: લેખક અને પ્રકાશક, શંભુલાલ દીહાભાઈ પટેલ, ચીતલ. કીંમત એક રૂપીઓ છ આના.

પાશેર પુણીમાંથી પાદશાહી: લેખક ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા; પ્રકાશક, યુગાન્તર કાર્યાલય, સુરત. કીં. એક આનો.

અખુટ જીવનદોરી: લેખક ચંદુલાલ ગોરધનદાસ; પ્રકાશક ઉપર પ્રમાણે. એક રૂ.

પ્રાણચિકિત્સા: પ્રકાશક, પ્રભુશંકર નરભેરામ વ્યાસ; અડાજણ, સુરત. કીંમત ચાર આના.

મનઃકામના પૂર્ણ કરવાનો માર્ગ: રચી પ્રસિદ્ધ કર્તા ઉપર પ્રમાણે. કીંમત બે રૂપીઆ

આંતરસરિતા-પ્રવાહ ૧: રચી પ્રસિદ્ધ કર્તા ઉપર પ્રમાણે. કીંમત ચાર આના.

પ્રાયશ્ચિત્ત: અનુવાદક અંબાલાલ ગોવિન્દલાલ દેસાઈ; પ્રકાશક યુગાન્તર કાર્યાલય, સુરત. કીંમત ચાર આના.

કુમારિકા ધર્મ: લેખક અને પ્રકાશક, માવજી દામજી શાહ; પી. પી. જૈન હાઈસ્કુલ મુંબાઈ. કીંમત ચાર આના.

ગાંધીજીના જીવનપ્રસંગો: (એક સંવાદ) તૈયાર કરનાર પ્રેમશંકર વસનજી તથા અંબાશંકર નાગરદાસ પંડ્યા; રાષ્ટ્રીયશાળા, માંગરોળ.